Summit



# અધ્યાત્મ

વર્ષ : ૧૬ નવેમ્બર–૧૯૯૪ અંક : ૨

## * સારાય સંસારના સારથિનો આશ્રય લે *

સાધારણ માનવના જીવનમાં પણ એવા ઘણા પ્રસંગો આવે છે જ્યારે તે પોતાના કર્તવ્યનો તેમ જ પ્રવૃત્તિનો ને નિવૃત્તિનો–એટલે શું અપનાવવું ને શું છોડી દેવું તેનો–નિર્ણય કરી શકતો નથી. જે વસ્તુ તેને સાચી લાગે છે તેનો અમલ પણ પોતાની જ નબળાઈ કે બીજા કારણને લીધે તે કરી શકતો નથી. કેટલીય વાર તે નિરાશ થઈ જાય છે, હતોત્સાહ બની જાય છે, ને જીવનમાંના વિશ્વાસને ખોઈ બેસી આપઘાત કરવા પણ તૈયાર થઈ જાય છે. કેટલીય વાર તે જવાબદારીનું ભાન ભૂલી જાય છે અને અર્જુનની જેમ કિંકર્તવ્યવિમૂઢ ને શૂન્યમનસ્ક બની જાય છે. આ દશામાં તે શું કરે? જીવનનો આનંદ કેવી રીતે મેળવી શકે? કર્તવ્યનો નિર્ણય કરી, સત્યને માર્ગે પગલાં ભરી જીવનનું મંગલ કેવી રીતે મેળવી શકે? અર્જુનની જેમ ઈશ્વરને શરણે જવું એ જ એક માર્ગ છે. શરીરના રથમાં ભગવાન શ્રીકૃષ્ણ ને માનવ–અર્જુન બંને બેઠા છે. ઉપનિષદ્‌માં આ બંનેની બે પંખીના રૂપમાં કલ્પના કરેલી છે. માનવ જ્યારે મૂંઝાય, ત્યારે પોતાના જીવનને સારાય સંસારના સારથિ પરમાત્માનો આશ્રય લે : આ જ ઉપાય છે, અને તેની અજમાયશથી તેનાં દુઃખદર્દ જરૂર દૂર થઈ જશે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| એક અનોખી દાસ્તાન | જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી | ૧૪ |
| કબીરસુધા | પરમાર્થી | ૨૬ |
| સત્સંગ મેળો | તંત્રી | ૩૧ |
| નૂતન વર્ષ–દિવાળી | યોગેશ્વર | ૩૨ |
| શ્રીહરગોવિંદભાઈ ભટ્ટ એક અનોખું વ્યક્તિત્વ | રાજુ ભાવસાર | ૩૭ |
| પૂ. મા સાથે પ્રશ્નોત્તરી (૨) | ધીરજ મોઘરિયા | ૪૮ |
| મહિમા અપરંપાર | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૫૫ |
| થાજો | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર | ૫૭ |
| મહાત્મા મસ્તરામજી | ઝિઝુવાડીયા કનૈયાલાલ | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના નવેમ્બર, ૧૯૯૪ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઈ પી. ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, એમ જાણવા મળ્યું છે. સત્સંગ મંડળનાં જે કોઈ ભાઈ-બહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા–પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એ જ પ્રાર્થના. કેનેડા ને અમેરિકાનાં સત્સંગપ્રેમી ભાઈબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૧૪ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

— તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

– મા સર્વેશ્વરી

વર્ષ : ૧૬ નવેમ્બર–૧૯૯૪ અંક : ૨

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૮–૪–૮૧, બુધવાર, ચૈત્ર સુદ વિનાયક ચોથ, ૨૦૩૭, સ્થળ : વડોદરા–૫**

આજે નિયમ મુજબ પૂ. શ્રી સ્નાન, વ્યાયામ કરી દૂધ વગેરે લે છે. આજે પૂ. શ્રીનાં બેન તારાબેન પોતાના પતિ શ્રી અંબાલાલ શુક્લ સાથે જગન્નાથપુરીની યાત્રાએ જાય છે, તેથી સર્વેશ્વરી જીતુભાઈના પરિવાર સાથે સ્ટેશને મળવા જાય છે. ત્યાંથી લગભગ પોણાદશે અહીં આવવાનું બને છે. પૂ. શ્રી સવારે જે કાવ્યાનુવાદ લખાયો તે સર્વેશ્વરીને વાંચી સંભળાવે છે.

સમય થતાં દ્વાર ખૂલે છે. પૂ. શ્રીના સાંસારિક રીતે મામા થાય –તે શ્રી રમણભાઈ વ્યાસ આવ્યા છે. તેમની સાથે પૂ. શ્રી થોડી વાતો કરે છે. આજે રાજુભાઈ પુરોહિત પણ આવ્યા છે. થોડી વાર પછી પૂ. શ્રી તેમની સાથે વાતો કરવાની શરૂઆત કરે છેઃ



"કેમ છો રાજેન્દ્રકુમાર? તબિયત સારી છે ને?"

"હા."

"અમે મોરબીમાં હતા ત્યાં એક નાનકડા યુવાને ખૂબ સુંદર ભજન ગાયું–એટલું તો સુંદર હતું તે કબીરનું પદ. તમારે એ ગાવા જેવું છે. આખા દિવસમાં તેની એક જ લીટી ગાયા કરો તોપણ આનંદ આનંદ મળે."

"કુછ લેના ન દેના મગન રહેના"

"સંસાર તરફ બેફિકર બની આત્મામાં મગ્ન રહેતાં શીખો. જુઓ, પછી આનંદ જ આનંદ. મનમાં જે વાતો થઈ જાય તેનું કાંતણ પીંજણ ન કર્યા કરો. એ બધું ભૂલી જાઓ. કબીરનું આ પદ જ ગાયા કરો."

(શ્રી રાજુભાઈના મુખ ઉપર પ્રસન્નતા પ્રગટે છે) સર્વેશ્વરી એ ભજન આખું જ ગાઈ બતાવે છે. ત્યાર બાદ આ યજમાન-શ્રેષ્ઠના પિતાજી શ્રી મગનલાલ ગાંધી પૂ. શ્રીને પોતાને માટે ઉપર રહેવાની સગવડ અંગે બાંધકામ કરવાની વાત કરે છે.

પૂ. શ્રી કહે છે : "તમારે ખોટી ઉપાધિ શા માટે?"

**શ્રી મગનલાલ ગાંધી :** "અમે તો ઉપાધિમાં જ જીવીએ છીએ એટલે અમને એ ઉપાધિ ન લાગે. પણ તમે અહીં માળ પર જ રહો એમ ઇચ્છું છું."

**પૂ. શ્રી :** જગદંબાની ઇચ્છા થશે તો કંઈક સ્વતંત્ર સારું મળશે તો જોઈશું. અમારાં બધાં કામ એ ચતુર હેડઓફિસના હુકમ પ્રમાણે થાય છે.

આજે પૂ. શ્રીના સ્થાયી વસવાટ માટે એક જગ્યા જોવા ગયા, પણ ત્યાં જગ્યા કેવી છે તેનો અભિપ્રાય ગઈકાલે જ પૂ. શ્રીને

જગદંબાએ આપી દીધો હતો. તે અમને પૂ. શ્રી આજે બતાવે છે. જે સત્ય સૌ કોઈ પાછળથી જોઈ સમજી શકે તે સત્ય આ મહાપુરુષ અગાઉથી જ જોઈ શકે છે. કેવી મહાન શક્તિ પૂ. શ્રી પાછળ કામ કરી રહી છે!

સમય થતાં સૌ વિદાય થાય છે. પૂ. શ્રી બુંદી, શાક વગેરેનું ભોજન લે છે. ત્યાર બાદ થોડું તરબૂચ ને આઈસક્રીમ પણ લે છે. ત્યાર બાદ આરામ થાય છે. દરરોજની જેમ પાંચ વાગ્યે પૂ. શ્રી રામાયણની ચોપાઈઓના અનુવાદનું થયેલું કાર્ય સારા અક્ષરે ઉતારવા બેઠા છે. લગભગ છ વાગ્યા સુધી એ કામ ચાલુ જ રહ્યું.

એક સાધક પોતાની અંગત મૂંઝવણ માટે પૂ. શ્રીને ૧૫ મિનિટ માટે મળે છે. તે દરમ્યાન સાંજના ૬:૧૫ થયાં એટલે સૌ ઉપર બહારના ઓરડામાં આવીને બેસે છે. ગીતાપાઠના નિયમ પ્રમાણે છઠ્ઠો અધ્યાય સૌ વાંચે છે. ત્યાર બાદ શ્રી કુંદનબેન એક ભજન ગાય છે. તે પછી સર્વેશ્વરી મસુરીની યાત્રાનું એક નોંધપોથીનું પાનું વાંચે છે. પછી ઝામ્બીયા–લુસાકાવાળા શ્રી ઈશ્વરભાઈ એક અનુભવ કહી સંભળાવે છે. ત્યાર બાદ પ્રશ્નો કોઈને પૂછવા હોય તો પૂછો–એમ કહી પૂ. શ્રી બેઠા છે.

ત્યાં તો પેલા નાનકડા મહારાષ્ટ્રિયન યુવાને પ્રશ્નો પૂછવાના શરૂ કર્યા. તે યુવાન પોતાના પ્રશ્નોની આગળ બાપુજી શબ્દ વાપરે છે. સૌ કોઈ એને આનંદથી વધાવી લે છે.

**પ્રશ્ન :** બાપુજી, શુદ્ધ આત્મા અને અશુદ્ધ આત્મા વચ્ચે શો ભેદ?

**પૂ. શ્રી :** જુઓ હું કોઈનો બાપુજી નથી, મારે તો કોઈ સંતાન નથી.



**યુવાન :** અમે બધાં તમારાં સંતાન જ છીએ ને?

**પૂ. શ્રી :** (હકારમાં ડોક હલાવતા હોય તેમ) શુદ્ધ આત્મા ને અશુદ્ધ આત્મા તો તમે પણ કહી શકો. બીડી પીનારા અશુદ્ધ આત્મા કહેવાય કે નહીં, તો સ્નાન ન કરનારા પણ અશુદ્ધ જ કહેવાય.

**પ્રશ્ન :** હા, પણ ઘણા ઉપાસકો સ્નાન નથી પણ કરતા તેને અશુદ્ધ થોડા કહેવાય?

**પૂ. શ્રી :** હા, જરૂર અશુદ્ધ જ કહેવાય. અશુદ્ધ તન, અશુદ્ધ મન, અશુદ્ધ ધન, અશુદ્ધ વિચાર, અશુદ્ધ આચારવાળા સૌ અશુદ્ધ જ ગણાય. ઈર્ષા, મદ ને મત્સરવાળા પણ અશુદ્ધ આત્મા જ ગણાય.

તો શુદ્ધ આત્મા કોને કહેવાય? જે નિર્મળ જ હોય, જેના વિચારો સારા, જેના ભાવો સારા તે શુદ્ધ આત્મા. સત્સંગથી શુદ્ધ થવાય. તુલસીદાસે પણ કહ્યું છે કે :

"મજ્જન ફલ પેખીય તત્કાલા,<br>કાક હોઈ પિક બકઉ મરાલા."

સત્સંગનું ફળ તરત જ મળે છે. માનવ સત્સંગથી કાગડા જેવા કઠોર વચનવાળો હોય તે કોયલ જેવો મધુરભાષી બને છે.

કાગડા જેવી વાણી કોને કહેવાય? કોઈ પૂછે : ભાઈ, ૫૫ અરુણોદય સોસાયટી ક્યાં આવી? તમો કહો : હું કંઈ તારો નોકર છું? (તો આ કાગડા જેવી કઠોર વાણી થઈ).

પણ તમે કહો : આ તરફ સીધા જાઓ જમણી બાજુ પેલું મકાન તે ૫૫ નંબર છે. (તો આ કોયલ જેવી મધુર વાણી થઈ).

બગલાની પેઠે સફેદ કપડાંવાળા પણ કર્મથી દંભ કરનારા

અથવા અંદર કંઇક ને બહાર કંઇક તે બગલાઓ કહેવાય. તેઓ પણ સત્સંગથી હંસ જેવા શુભાશુભનો વિવેક કરનારા બને છે. સત્સંગનું એ ફળ છે. મલિન વાણી, મલિન વ્યવહાર નહીં તે શુદ્ધ આત્મા. આંખથી, કાનથી, વૃત્તિથી, વિચારથી, પ્રવૃત્તિથી, આહારથી તે શુદ્ધ જ હોય.

**પ્રશ્ન :** ૐ તત્સત્ અને હરિઃ ૐ તત્સત્‌માં શો ફેર?

**પૂ. શ્રી :** ૐ તત્સત્ એ વૈદિક મંત્ર છે. એમાં પરમાત્માનાં ત્રણ નામો છે. ત્રણ રીતે પરિચય છે. એ નિર્ગુણમંત્ર છે. હવે હરિઃ ૐ તત્સત્–એમાં હરિ શબ્દ પાછળથી સાકાર ઉપાસનાવાળા ભક્તોએ જોડયો.

પણ તમે હરિઃ ૐ પણ એકલો જપી શકો અથવા ૐ તત્સત્ પણ જપી શકો, અથવા ફક્ત ૐ જપી શકો. કોઇપણ જપી શકો. જેમ મંત્ર ટૂંકો તેમ સરળતા વધુ રહે.

બીજા ઘણા પ્રશ્નો હતા પણ તે સામાન્ય હતા તેથી નોંધ ન કરી.

સમય થતાં રામકૃષ્ણદેવની સ્તુતિ બોલી સૌ ભક્તો પ્રસાદ લઇ પ્રણામ કરી છૂટા પડે છે. પૂ. શ્રી ખીચડી ને શાકનું ભોજન લે છે. ત્યાર બાદ પૂ. શ્રી તથા સર્વેશ્વરી ધ્યાનમાં બેસે છે.

પછી આરામ. હરિઃ ૐ

**તા. ૯–૪–૮૧, ગુરુવાર, ચૈત્ર સુદ પાંચમ,**
**૨૦૩૭, સ્થળ : વડોદરા–૫**

પૂ. શ્રી સવારે નિત્ય નિયમ મુજબ ઊઠી જાય છે. બ્રશ સ્નાન કર્યા બાદ નિયમિત વ્યાયામ થાય છે. વ્યાયામ બાદ દૂધ પીને લેખનકાર્ય સવાદસ વાગ્યા સુધી ચાલે છે. તુલસીકૃત રામાયણની



ચોપાઇઓનું કાવ્યમાં ભાષાંતર જરી કઠિન છે, છતાં પૂ. શ્રી રસ લઇને તે કરે છે. આજે જે ભાષાંતર લખાયેલું હતું તે પૂ. શ્રી ગાઇ સંભળાવે છે. અને પૂછે છે કે સહેલું છે ને? કારણ સર્વેશ્વરી કહે છે કે રામાયણદર્શન જે તમારો ગ્રંથ છે તે ઘણો કઠિન છે તો નવો ગ્રંથ તૈયાર કરો છો તે જરા સહેલો હોય તો સારું!

કાવ્યાનુવાદ સંભળાવ્યા પછી પૂ. શ્રી દાઢી વગેરે કરી લઇ ધોતિયું પહેરી લે છે. બરાબર સાડા અગિયાર વાગ્યે પૂ. શ્રી બહાર આવી જાય છે. ચાર–પાંચ ભાવિક ભક્તો પૂ. શ્રીનાં દર્શન–વંદન માટે આવે છે. સૌ પ્રણામ કરી બેસે છે.

**એક ભાઇ :** મારું નવું મકાન માંજલપુરમાં બાંધ્યું છે તેનું નામ આપ કાંઇ સૂચવો તો જ પાડવું છે.

**પૂ. શ્રી :** તમે કોઇ નામ તો પસંદ કર્યું જ હશે ને?

**ભાઇ :** ના, તમે જે કરો તે જ (નામ) મારે રાખવું છે.

**પૂ. શ્રી :** તે વિસ્તાર શાંત હોય તો શાંતિનિકેતન, શાંતિસદન મુક્તિધામ, અરે સર્વમંગલ, અધ્યાત્મ કાંઇપણ એક રાખી શકાય. ભવિષ્યમાં જીતુભાઇ જેવા કોઇ નવું મકાન બાંધે, તો ઉત્તરપથ, સ્વર્ગારોહણ વગેરે નામ રાખી શકાય.

સર્વમંગલ જ રાખો. જેથી આપણું ધન, આપણી સંપત્તિ, આપણું સઘળું ય જીવન સર્વના મંગલ માટે છે એવી પ્રેરણા મળે.

**સર્વેશ્વરી :** પણ નરક જેવું જીવન હોય ને નામ સ્વર્ગારોહણ રાખીએ તે ચાલે ખરું?

**પૂ. શ્રી :** જુઓ, નામ પ્રેરણા આપે છે. ઘરનું નામ છે તે પ્રમાણે કામ બદલો અથવા મકાનનું નામ બદલો. 'What is in a Name?'–પણ નામમાં તો ઘણું બધું છે. નામથી જ બધાં કામો થાય છે.

એક લેખક મારી પાસે પોતાના નવા બંધાનારા મકાનનું નામ પૂછવા આવ્યા. તો મેં કહ્યું : તમે જાતે જ તો લેખક છો એટલે તમે તો નવાં નવાં નામ જાણી શકો.

**લેખક :** એ ખરું, પણ તમે નવું નામ સૂચવો તો સારું.

**પૂ. શ્રી** કહે : એવું નવું નામ રાખો જે કોઇએ પાડયું જ ન હોય. જે કોઈ પાડશે પણ નહીં. એકદમ નવું જ છે. તમને ગમે કે ન ગમે પણ તે નામ સૌથી નવું છે. 'ઉકરડો' રાખો (સૌ હસે છે) ઉકરડાનું કામ કચરાનું વિસ્મૃતીકરણ નહીં કરવાનું ખેતરોમાં ખાતર તરીકે, નાના બાળકોના સંડાસ તરીકે ગધેડાને આળોટવા માટે બધી રીતે બીજાને ઉપયોગી થવાનું જ કાર્ય કરે છે.

ત્યાર બાદ બ્રાહ્મણના હાથની જ રસોઇની વાત ચાલે છે. એમાં પોતાના ઇંગ્લેન્ડના અનુભવો પૂ. શ્રી કહે છે. ડોંગરેજીનો પણ એ નિયમ છે—એ અંગે વાતો ચાલે છે.

**પૂ. શ્રી :** ડોંગરેજીનો એ નિયમ પ્રશંસનીય છે. સ્વચ્છતાની દૃષ્ટિએ નિયમ સારો છે. એને છોડવાની જરૂર નથી.

વાતોમાં આજે ૧૨:૩૦ થઇ ગયા. સૌ પ્રસાદ લઇ વિદાય થાય છે. પૂ. શ્રી મગ, ભાતનું ભોજન લે છે. ભોજન બાદ થોડી રાબ ને નાળિયેરનું પાણી લે છે.

આજે કપૂરાથી શ્રી રમેશભાઇ (પૂ. શ્રીના કપૂરાના યજમાન) મળવા આવે છે. તેમની સાથે ભોજન પછી પૂ. શ્રી થોડી વાતો કરે છે. ત્યાર બાદ આરામ કરે છે.

સાંજે ૬:૧૫ ની મુલાકાત પહેલાં પૂ. શ્રી ૫ થી ૬ લેખનકાર્ય કરે છે. સવા છ વાગ્યે પૂ. શ્રી બહાર આવી જાય છે. સૌ ભક્તો પણ આવીને બેઠા છે. ગીતાપાઠ શરૂ થાય છે. તે પૂર્ણ થતાં એક



ભજન નિર્મળાબેન ટેલર ગવડાવે છે. ત્યાર બાદ સર્વેશ્વરી મોરબીની નોંધપોથીનું એક પાનું વાંચે છે.

તે પછી આજે પૂ. શ્રીએ શ્રી મગનલાલ ગાંધી (શ્રી જીતુભાઇના પિતા—૮૬ વર્ષના છે) ને પોતાને મળેલા સંતો વિશે શ્રોતાઓને વાત કરવાનું કહે છે. તેઓશ્રી નારાયણસ્વામી વિશે થોડું બોલે છે. પૂ. શ્રી એ અંગે વિશેષ પ્રકાશ પાડતાં કહે છે કે :

છેલ્લાં કેટલાક વરસોમાં ઘણા નારાયણસ્વામી થઇ ગયા. આ નારાયણસ્વામી કાનપુર તરફના હતા. મૌન જ રાખતા. કંતાનનાં વસ્ત્રો પહેરતા. છેલ્લે નર્મદા કિનારે વસ્યા. દર વરસે બદરીકેદાર જતા. ચંપલ વગેરે પહેરતા ન હતા. નામસ્મરણ ને કથાસ્મરણ સમયે આંખમાંથી પ્રેમાશ્રુ ટપકતાં. તેમનું શરીર બદરીકેદારમાં શાંત થયું.

હનુમાનપ્રસાદ પોદ્દાર, જયદયાલ ગોવિન્દકા વગેરે તેમની પાસે જતા. તેમને તેમના જીવન વિશે વિનંતી કરી. ખૂબ આગ્રહ કર્યો ત્યારે તેમણે એક દિવસ પોતાના જીવન પર કંઇક લખ્યું, જે **'एक संतका अनुभव'** નામનું પુસ્તક ગીતાપ્રેસ ગોરખપુરથી બહાર પડયું છે. તેમાં તેમનું જીવન છે.

હવે કોઇને કાંઇ પૂછવું છે?

**શ્રી કુંદનબેન :** પુણ્યે પાપ ઠેલાય એ વાત સાચી? કોઇ પાપ કરે ને તેની સામે કરોડો રૂપિયા દાન કરે તો તે ધોવાઇ જાય ખરું?

**પૂ. શ્રી :** ના ધોવાય હોં. એકવાર પાપ કર્યા પછી જાગ્રત બની જાયને સત્કર્મ જ કર્યા કરે તો નવાં કુકર્મો પાછાં ઠેલાય, નવાં પાપકર્મો ઓછાં થાય. પણ જે પાપકર્મ તે કરી ચૂક્યો તેનું ફળ તો

તેને ભોગવવું જ પડે. દાનનું ફળ અલગ છે. પોતાનાં કરેલાં કર્મોનું ફળ અલગ છે. બંનેના–દાન ને કર્મના ફળના ચોપડા અલગ છે. ત્યાં જમા ઉધાર જેવા સરવાળા–બાદબાકી થતાં નથી.

"હા પસ્તાવો! વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને, પુણ્યશાળી બને છે."

કવિ કલાપીએ કહ્યું તેમ સાચા દિલનો પસ્તાવો થાય ને પવિત્રતાનો જ સંકલ્પ તે માનવી કરે તો પવિત્ર સંકલ્પ ને પસ્તાવાથી કુકર્મોનો વેગ ઘટી જાય.

**પ્રશ્ન :** ફરતાં ફરતાં જપ થાય તો કંઈ નુકસાન થાય?

**પૂ. શ્રી :** ના, નુકસાન તો નહીં પણ લાભ જુદા જુદા છે. બેસીને જપ કરો તો મન એકાગ્ર થાય. મન સ્થિર થાય. દેહભાન લાંબે ગાળે ભુલાય. સમાધિનો અનુભવ થાય, પણ જપ ફરતાં ફરતાં કરો તો આ લાભ ન મળે.

બંને વસ્તુને ભેળવી દો. તમે એક કલાક બેસીને જપ કરો છો તો બરાબર છે. પછી થાક લાગે તો થોડું ફરી લ્યો. વળી પાછા બેસો.

**પ્રશ્ન :** ધ્યાન ખુલ્લી આંખે કે બંધ આંખે કરવું જોઈએ?

**પૂ. શ્રી :** શરૂઆતમાં આંખ ખુલ્લી રાખીને ભગવાનની મૂર્તિ કે ફોટામાં સ્થિર કરો. પછી આંખ મીંચીને તે મૂર્તિ કે ફોટો મનથી યાદ કરો.

**પ્રશ્ન :** મોગરો, ગુલાબ, ચમેલી, ચંપો એવાં બધાં ફૂલો ગમે છે. બધાં ફૂલો આપણે લઈએ છીએ તેમ મંત્રો બધા જ ગમે છે તો દરેક મંત્ર વારાફરતી જપવા કે એક જ જપવો?



**પૂ. શ્રી :** જુઓ, ફૂલો તો બધાં જ ગમે પણ જેને બધાં જ ફૂલો ગમે તેને કોઈ એક ફૂલ વિશેષ ગમતું હોય તે જ ફૂલ તે ઘરે લઈ જાય છે. જેમ શાકભાજીની દુકાનમાં બધાં જ શાકભાજી ગમે. પણ તમને જે વધારે ભાવે તે જ ઘરે લઈ જાઓ છો ને!

એ રીતે મંત્રો પણ બધા સારા પણ જે મંત્ર વિશેષ ગમતો હોય તે જ વધારે જપવો જરૂરી છે.

બીજા પ્રશ્નો પુછાયા તેમાં પોણાઆઠ વાગી ગયા જેથી છેલ્લે ધૂન બોલાવી, સૌ પ્રસાદ લઈ પ્રણામ કરી વિદાય થયાં. આજે પૂ. યોગેશ્વર સત્સંગ મંડળ, વડોદરાને પૂ. શ્રીએ થોડી સાચી સમજ ને, શિખામણ–હૈયા સોંસરી ઊતરી જાય તેવી આપી.

સૌ વિદાય થયાં. કપૂરાથી આવેલા શ્રી રમેશભાઈ પણ વિદાય થયા. પૂ. શ્રીએ દૂધ–ફળ વગેરે લીધું. આરામ કરતાં પહેલાં ધ્યાનમાં બેઠા.

સર્વેશ્વરી ફળાહાર બાદ શ્રી રમેશભાઈ સાથે થોડી વાર નીચે ખુલ્લા બાગમાં બેઠાં. હરિઃ ૐ (ક્રમશઃ)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

# એક અનોખી દાસ્તાન

જ્યોત્સ્ના ભરતકુમાર ત્રિવેદી

(બેરિસ્ટર વ્યાસની જીવનકથા)

[નોંધ:- શ્રી મોહનભાઇ વ્યાસની જીવનકથની ખૂબ રોચક અને રોમાંચક પ્રસંગોથી ભરેલી છે. જેમ સોનું અગ્નિમાં ખૂબ તપીને શુદ્ધ થાય છે, એવું જ કંઇ આ મહાપુરુષના જીવનમાં બન્યું છે. વિલાયત જઇને બેરિસ્ટર થયા પછી પણ, જીવનની અનેક વિષમ પરિસ્થિતિઓએ તેઓનું કેવું ઘડતર કર્યું છે, તે તો આ લેખમાળાના અંતે વાંચકો જોઇ શકશે. સૌથી મોટી વાત તો એ રહી છે કે જીવનના અંતિમ દિવસોમાં તેઓનું જીવન એક ઉચ્ચ આધ્યાત્મિક પુરુષ તરીકે સરસ રીતે ઊભરી આવ્યું છે, એટલે જ તો 'અધ્યાત્મ'માં તેને પ્રકાશિત કરવા સ્વીકારાયું છે.

મુંબઇમાં વસતા મોહનભાઈની અંગત મુલાકાતો લઈને શ્રી જ્યોત્સ્નાબેને આ લેખમાળા તૈયાર કરવા પાછળ જે પરિશ્રમ ઉઠાવ્યો છે, તે જરૂર સરાહનીય છે, કારણ આવી જીવનકથાઓ બીજાઓ માટે પ્રેરણાસ્પદ બનતી હોય છે. —તંત્રી]

'મારું જીવન ગાડું હાંકે હરિ'—બધાનું જ એમ માનવાવાળા અને ન માનવાવાળા સહુનું હરિ જ હાંકતો હોય છે, પણ કેટલાક જીવો તેની નોંધ લે છે તો કેટલાક 'શકટનો ભાર જેમ શ્વાન તાણે' તે રીતે તેના ભાર નીચે દબાઇને ચાલ્યા કરતા હોય છે. કર્તા-પણાનો અહંકાર એવાં મોટાં આવરણો ઊભાં કરે છે કે પેલી પળે પળે વરસતી કૃપા અને થતી રક્ષા ક્યાંય એક બાજુ દૂર ધકેલાઇ



જાય છે. તો આજે આપણે એક એવા જીવની જીવનયાત્રાના સહપ્રવાસી બનીએ જે આપણા જ જેવા સંસારી છે, છતાં ત્યાગી છે. આજે તો કદાચ હું તેમને વિરલ વિભૂતિ ગણાવું તોપણ યાત્રાના અંતે મારી આ ઉપમા આપ સહુને જરાય અતિશયોક્તિ ભરેલી નહીં લાગે.

આ શ્રેષ્ઠ ભક્ત સાધક શ્રી મોહનલાલ મણિલાલ વ્યાસ નિવૃત્ત બેરીસ્ટર છે. પૂ. શ્રીને એક બે વાર અને પૂ. શ્રી શ્રી માને પણ આંગળીના વેઢે ગણી શકાય માત્ર તેટલી જ વાર મળ્યા છે. પણ શ્રી શ્રી માનું જે તપશ્ચર્યાનું પાસું, તેની અનુભૂતિનું પાસું તે તેમણે સૌથી શ્રેષ્ઠ રીતે પચાવ્યું છે. એમનું એ માટેનું ભાથું ઉચ્ચતમ કક્ષાનું છે. આપણે સહુ પૂ. માનો સૌથી વધુ લાભ લેવાવાળાં હોવા છતાં આપણી પાસે જે એક વિશિષ્ટ દૃષ્ટિનો અભાવ જણાય છે, તે આપણને આ સંસારી સંત પાસેથી મળે છે. એમના સ્વમુખેથી સાંભળીને આ યાત્રાના આલેખનમાં સહભાગી બનવાનું મને જે શ્રેય મળ્યું છે તે માટે હું શ્રી શ્રી માનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. વળી એ ભક્ત પુરુષે આજે ૮૭ વર્ષની વયે મને જે અભૂતપૂર્વ સહકાર આપ્યો છે તે માટે હું તેમની ઋણી છું.

શ્રી મોહનભાઇનો જન્મ લખતર પાસે આવેલા લીલાપુર ગામમાં પરોઢિયે ૧૯૦૮ ની સાલમાં થયો હતો. માતાપિતાનું એ જ્યેષ્ઠ સંતાન છે. પણ માતૃધન અને પિતૃધનથી ધનિક એઓશ્રીનું એ ધનાઢ્યપણું બહુ લાંબો સમય ચાલતું નથી.

એમની ઉંમર સાત વર્ષની હતી ત્યારે ઘીના વ્યાપારી શ્રી મણિલાલ મુંબઇમાં ખૂબ સારો વ્યાપાર કરતા હતા. અનેક ત્યાગી

જીવોના જીવનમાં આપણે જોઇએ છીએ તેમ, આ મહાપુરુષને પણ આ જીવન વ્યર્થ લાગવા માંડયું. એટલે એ જીવનનો ભાર ખૂબ લાંબો સમય ખેંચ્યા સિવાય શ્રી મણિભાઇ પોતાના પરિવારને લઇ વતન ચાણસ્મામાં આવી ગયા. આટલાથી તેમને સંતોષ ન થયો. સતત ફાની દુનિયાના વિચારો તેમના મનોરાજ્યનો કબજો વધુ ને વધુ લેવા લાગ્યા. એક દિવસ તે ચરમ સીમાએ પહોંચ્યા, અને તેના પરિણામે તેમણે પોતાનું રહેઠાણ જલાવી દીધું. કેવું વિચિત્ર કહેવાય? છતાં તે સત્યઘટનાને એક પ્રેક્ષકની જેમ જોયા કર્યું. "ભગવાન આવ્યા છે. ભગવાન આવ્યા છે" એવી બૂમો પાડી પાસે આવેલા ગોપીનાથ મહાદેવના મંદિરમાં ચાલ્યા ગયા.

માતુશ્રી રૂખીબાને માથે આભ તૂટી પડયું. છત્ર સમાન પતિ અને આશ્રયસ્થાન ઘર બંને જતાં રહ્યાં. એક બાળક સાત વર્ષનો અને બીજા બાળકની બેત્રણ માસની સગર્ભા અવસ્થા. પરંતુ આ તેજસ્વી પુત્રની માતા પણ સાચા અર્થમાં વીરાંગના હતી. એણે આર્યનારીના અને સંસ્કૃતિના સંસ્કારો લોહીમાં પચાવ્યા હતા. એને આ આપત્તિઓ ગૌણ લાગતી હતી, પણ હવે પછી પોતાના પતિ ખાશે શું? પતિએ એમની સમજ પ્રમાણે જે કંઇ કર્યું તે ખરું, પણ મારે મારી ફરજ બજાવવાની છે. તેવી શરીરની નાજુક અવસ્થામાં અને આર્થિક વિડંબનામાં પણ તે દરરોજ નિયમિત સાત માઇલ દૂર પોતાના પતિને ખાવાનું આપવા જાય. તેમના પતિના મોટાભાઇ ખૂબ વિદ્વાન્, ઘણા સમજુ. તે રોજ નાનાં ભાભીને સમજાવે, પણ પોતે પોતાનો પત્નીધર્મ બજાવે જ. મંદિરના પૂજારીશ્રી પણ એક સજ્જન પુરુષ હતા. તેમનાથી પણ રૂખીબાનો પરિશ્રમ જોયો ન જતો, કારણ તેમને જે અપેક્ષા હતી



કે મારા પતિ કંઇક ખાય તેવું તેઓશ્રી ન કરતા. બીજે દિવસે એમ જ પડયું હોય. પૂજારીજીને ભય લાગતો કે આ બહેન રોજ અહીં આવશે તો આ મણિભાઇ અહીંથી ક્યાંક ચાલ્યા જશે અને ખરેખર તે ભય સાચો પડયો.

એક દિવસ તપશ્ચર્યામાં ભાસ થયો કે અનુભૂતિ કે આખું શિવલિંગ તૂટી ગયું છે. પ્રભુ જાણે પ્રગટ થઇ દર્શન આપી રહ્યા છે અને જે અવાજ શિવલિંગના તૂટવાનો થયો તે ખૂબ ભયંકર મોટો અવાજ હતો. તે તે સહન ન કરી શક્યા. પૂજારીજી તેના સાક્ષી હતા. તેમનામાં તે ધીરજ નહોતી. કદાચ જો ધીરજ હોત તો જીવન કંઇક જુદું જ હોત. પણ લખેલ વસ્તુને કોણ મિથ્યા કરી શકે?

રૂખીબા ધનાઢય પિતાનું સંતાન. મોહનભાઇના માતામહ (નાનાજી) ખૂબ વિદ્વાન અને શ્રીમંત પણ. કિન્તુ શ્વશુરપક્ષવાળાને પુત્રવધૂ પોતાને ત્યાંથી જાય તો હીણપતનો ભય રહે જ. છતાં તેઓશ્રી દીકરીનાં સાસરિયાંઓને સમજાવી પોતાના ગામે લઇ ગયા. આમ શ્રી રૂખીબા પોતાના પુત્રને લઇ પિતા સાથે ધાંગધ્રા ગયાં. ત્યારે આપણા મોહનભાઇ સાત વર્ષના જ હતા.

**પ્રશ્ન :** જીવનમાં પછી કોઇ વાર પિતાજી મળ્યા ખરા?

**ઉત્તર :** પહેલાંના સમયમાં સંસ્કારોને ખૂબ પ્રાધાન્ય હતું તે પ્રમાણે મારા યજ્ઞોપવીત સંસ્કાર કરવાના હું મોસાળ રહેતો. બાની એવી ઇચ્છા કે આ કાર્ય મારાં કુટુંબી જનો કરે કારણ લડાઇ ઝગડો તો હતો જ નહીં એટલે રૂખીબાએ ચાણસ્મા પત્ર લખ્યો અને મોહનભાઇના મોટા બાપા આવી તેમને ચાણસ્મા જનોઇ દેવા લઇ ગયા. આ જનોઇના પ્રસંગમાં ઓચિંતાના જનોઇ

પહેરાવવાના પ્રસંગે લંગોટી પહેરેલી અવસ્થામાં મારા પિતાશ્રી આવેલા. મારા માથા પર હાથ મૂકી ખૂબ ખૂબ આશીર્વાદ આપી અલિપ્ત ભાવે ચાલવા માંડયા. સહુ માને કહે "તું જા, તારું કહ્યું માનશે." બા પીપળાના ઝાડ સુધી પાછળ દોડી, પણ તે અદૃશ્ય થઇ ગયા, ને આજે પણ તે ક્યાં છે, તેની ખબર નથી. તેમને કોઇ ગોતી ના જ શક્યું. મિલન કહેવાય તેવું આ એમની સાથેનું છેલ્લું મિલન હતું. સહુ કોઇ બાને કહે, "તું રોકી શકત." ત્યારે બા જવાબ આપતી કે "જો એમ જ હોત તો ત્યારે જ શું કામ છોડી જાત?" પણ આ પ્રસંગે મોહનભાઇના જીવનમાં ખૂબ પરિવર્તન આણ્યું. આજે પણ તેઓ દૃઢપણે માને છે કે અનેક વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે પણ મારી જે બુદ્ધિ સારી રહી છે તેનું શ્રેય મારા પૂ. પિતાશ્રીને જાય છે.

વય વધતાં જેમ જેમ મોહનભાઇને સમજ આવતી ગઇ તેમ તેમ તેઓશ્રી માતાને પોતાના પિતા વિષે પ્રશ્નો પૂછતા. બા એ પ્રશ્નોના જવાબો ટાળતાં અને "જેવું જેનું અંજળ" એટલો ટૂંકો પ્રત્યુત્તર જ આપે. આથી મારી જિજ્ઞાસા સંતોષાય નહીં, મારું મન રોજ તેનું કારણ શોધ્યા કરે.

તેથી મોહનભાઇએ બીજી રીતે પૂછવાનું શોધી કાઢયું. બાને હું પૂછતો, "હેં બા, મારા બાપુજી કેમ ખાતા, ને શું ખાતા?" તો બા જવાબ આપતાં, "કાંઇ મિષ્ટાન્ન ખવડાવું કે ગરમ રોટલી આપું, તોપણ તેમને ખાવામાં કોઇ રસ નહિ. કોળિયા મોઢામાં જ ઘણીવાર રહી જાય. જાણે ખાવામાં કોઇ રસ જ નહિ. થોડું ખાધું ન ખાધું ને ઊભા થઇ જાય."

પિતાનો સ્વાદ પરનો આવો ઉદાસીન ભાવ પુત્ર મોહનને પણ સ્પર્શી ગયો. તેણેય નક્કી કર્યું કે હવે રાંધેલું અનાજ ન ખાવું.



ત્યારે તેની વય માત્ર ૧૪ વર્ષની. કાચા ઘઉં, બાજરો, ભીંડા બધું ભેગું પલાળે અને પોચું થાય ત્યારે કાચું જ ખાય. શ્રી મોહનભાઇની આ ટેવ તેમનાં માતામહીને (નાની માને) ન ગમતી. તેઓ મોહનને ઘણું સમજાવે પણ તેઓ ટસના મસ ના થાય. અડગ જ રહે.

"ત્યાર પછી પિતાજી મોસાળ ત્રણેક વાર આવેલા—અચાનક-જ, વાવાઝોડાની જેમ આવી ચાલ્યા જાય. દાદાની ગેરહાજરીમાં જ આવે. ત્યારે મારી ઉંમર પણ ઘણી નાની. માત્ર ૧૪ પંદર વર્ષની. એક સુધરેલા સુધારક Civilised Reformist તરીકે મારા મનમાં એક વિચાર ખૂબ ઘર કરી ગયો કે મારા પિતાએ મારી માતાને દગો દીધો છે. આથી પિતા પર ખૂબ ગુસ્સો. આ વાતની અસર હજી હમણાં જ છેક ઓછી થઇ છે. પરંતુ મારાં બાને બાપુજી વિષે હું કંઇ પણ બોલું તે ન ગમે. તેઓ હમેશાં કહે, "તું તારા બાપને નથી ઓળખતો. તું તેમનું ઘસાતું બોલે તે મને ન ગમે. આજે બોલ્યો તે બોલ્યો, હવ બોલીશ નહીં. નહીંતર આપણે નહીં બને." આવી સાધ્વી સ્ત્રીઓને આપણે સહજ રીતે વંદન કરી લઇએ કે "પ્રભુ, તું કેવાં કેવાં પાત્રોનું સર્જન કરે છે!"

મોહનભાઇ અને તેમનાં માતુશ્રી નાનાને ત્યાં રહે. એક દિવસ મોહનભાઇનાથી માતાને કહેવાઇ ગયું કે "આપણે ક્યાં સુધી દાદા પર બોજ બનીને રહીશું?" આ વાક્ય તેમનાં માતુશ્રી-ને ખૂબ અસર કરી ગયું. પગભર થવાનો વિચાર તેમના મન પર સવાર થઇ ગયો. તેથી રૂખીબાએ નાનાજી પાસે જુદું ઘર લેવાની રઢ લીધી. જાહેર કરી દીધું, "હવે હું તમારી સાથે નહિ રહું. તેમનાં નાનીમા ડાહીબાને થાય "અમારી આબરૂના કાંકરા થશે,"

અને દોહિત્ર તરીકે મોહનભાઇ પર ખૂબ પ્રેમ એટલે જુદા થવાની વાત તેમને રુચિ નહીં. વળી આ બંને જણનો ખર્ચ નહીંવત્ હતો પણ રૂખીબાની જીદ સામે સહુ કોઇ હારી ગયું. અને નાનાજીના ઘર પાસે ૧ રૂ.ની ભાડાની કોટડી લઇ માતાપુત્ર જુદાં રહ્યાં, અને સ્વેચ્છાએ વહોરેલી એ ગરીબાઇ તેમને ગરવી લાગી.

કોઇપણ સમયમાં રૂપિયાનાં પૈડાંથી જ જીવનગાડું ચાલે. હવે આર્થિક સદ્ધરતા માટે કમાવું પડે. એટલે રૂખીબા રોજ સવારે ચાર વાગે ઊઠે અને બપોરે એક દોઢ વાગે ખડ વાઢી આવે. ઘણા હરીફો. માત્ર દોઢ બે આના મળે અને બંનેનું તે બે આનામાં પૂરું કરવાનું. રૂખીબા ભરયુવાનીમાં અને સ્વરૂપવાન પણ ખૂબ. પણ પ્રભુએ તેમનું શીલ સાચવ્યું. એ ચારિત્ર્યરૂપી મૂડીની તેમણે જીવનભર રક્ષા કરી. આર્થિક એરણ પર ઘસાતાં ઘસાતાં મોહનભાઇના જીવનમાં એક અસર પડી કે જીવનની જરૂરિયાતો ખૂબ ઓછી કરવી.

બા ઘાસ વાઢવા જાય તે સમય દરમ્યાન તેઓ રસોઇ કરવાનું કાર્ય કરે. બા તો વહેલાં ચાર વાગે જઇ બપોરે દોઢે આવે. એટલે ખીચડી ભાખરી એવું કાંઇ બનાવી રાખે. દાદીમાનો ખૂબ જીવ બળે. તેઓને રાંધતાં બરાબર આવડે નહીં. કિન્તુ રૂખીબાને તેમના પૈસા નહીં, પરિશ્રમ પણ વર્જ્ય હતો. છતાં દાદીમા દીકરીના પુત્ર પરના પ્રેમને લીધે કંઇક ને કંઇક આપી જાય. એકવાર એવું બન્યું કે ધારેલા સમય કરતાં બા વહેલી આવી ગઇ. લાપસીનો ઘીવાળો વાટકો ધોવાનો રહી ગયો. બા તે જોઇ ગઇ અને ખૂબ માર્યો? "આ ઘી આપણે ત્યાં ક્યાંથી આવ્યું?" દાદીમા આપી ગઇ હતી તેમ ખબર પડતાં કહ્યું કે, "આપણે ક્યારેય કોઇનું નહીં ખાવાનું. આપણે આપણું જ ખાવાનું!" જીવન જીવવાની કેવી ખુમારી? સ્વાવલંબીપણાનું કેવું ગૌરવ?



દાદીમાને પુત્રી તેમ જ દોહિત્રને મૂકી ખાવાનું ગળે ઊતરે નહીં. છેક નજીક રહે પણ પુત્રીની ખુમારી નમતું આપે નહીં. માતા પુત્રીને ઝગડો થાય તો કહે "દીકરા પર મારો કોઇ હક્ક નહીં?" ત્યારે રૂખીબા કહે "હક્ક સેવા કરાવવાનો, ખવડાવવાનો નહીં." મોહનભાઇને પણ શીખવે. કોઇનું લેવાય નહીં અને તેની ચરમસીમા તો એ બની રહી કે પ્રતિજ્ઞા લેવડાવી કે મોસાળનું ખાવું નહીં.

દાદા ભાગવત સમાહ વાંચવા જાય એટલે સન્માન પણ ખૂબ અને આવક પણ ખૂબ. સાથે જમવા લઇ જાય. એક દિવસ જમતાં જમતાં મોડું થઇ ગયું. બા આવી ગઇ. તેને ખબર પડી. તેણે પૂછ્યું, "જવાની શી જરૂર?" "બાપા લઇ ગયા હતા." "તારે ઘર ઘરનાં અનાજ ખાઇ બુદ્ધિ બગાડવી છે?" ત્યારથી મોહનભાઇએ ક્યાંય પણ ન જમવાની પ્રતિજ્ઞા લીધી.

આપણે કંઇ નિશ્ચય કરીએ એટલે પ્રભુ કસોટી તો કરે જ. એટલે એમને પણ એક ધર્મસંકટનો પ્રસંગ આવ્યો. મોસાળમાં મોટા દાદાના કુટુંબી ગુજરી ગયા. બારમા વખતે ખાવાનો પ્રશ્ન ઊભો થયો. ભાણેજ ન જમે તો કોઇ મોટેરાં ન જમે. બા ના પાડે, દાદીમા આગ્રહ કરે. બા મારા પક્ષે જ કે "મારો દીકરો કાચું ખાય છે. તેને ખાવાનો રસ નથી. આમાં તો કયું પુણ્ય મળે?" છેવટે બા દાદીમા સહુ જમાડવાના પક્ષે ભળી ગયાં. "મને આ માથાકૂટ સહન ન થઇ. મને ખૂબ ગુસ્સો આવ્યો. મરવું સારું તેવું લાગ્યું. પ્રતિજ્ઞાભંગ મને પરવડતો નહોતો. છેવટે ભીંતે માથાં પછાડયાં. લોહી નીકળ્યું. દવાખાનાની દોડાદોડમાં જમવાની વાત

જ ભુલાઇ ગઇ! હું કસોટીમાંથી પાર ઊતર્યો." કસોટી આવે જ પરંતુ એને વળગી રહીએ તો પ્રભુ મદદ કરે જ.

એમની વિદ્યાર્થી અવસ્થામાં જ એક સમય એવો હતો કે શ્રી કે. ડી. આચાર્ય જેઓએ શ્રી મુન્શીજીને લીલાવતી મુન્શી સાથે લગ્ન કરી આપવામાં મદદ કરેલી તે અંગ્રેજી વિષય લે. તેમનું આધ્યાત્મિક જીવન પર ઘણું વાંચન અને વર્ગમાં તેમણે તેની પર લેક્ચર આપ્યું તેની મોહનભાઇના જીવન પર ખૂબ અસર પડી.

"આ જગતની અંદર આપણી ઇચ્છાઓ પાર પાડવાનું કામ સૂક્ષ્મ અતૃપ્ત જીવાત્માઓ કરે છે. જે જીવ બ્રહ્મલીન નથી થયા તે તમારી ઇચ્છા પૂરી કરે." તે સાંભળી તેમને તેની એવી અસર થઇ ગઇ કે ભૂત શોધવાની તાલાવેલી લાગી. "ભૂત ક્યાં રહે? ભૂત આપણને રસ્તો બતાવે ખરું? ભૂતને કેમ પકડવું?" તેવું ભૂત શ્રી મોહનભાઇના મનમાં ભરાઇ ગયું. રામાયણમાં એવો પ્રસંગ આવે છે કે તુલસીદાસને ભૂતે શ્રી હનુમાનજીની ઓળખ કરી આપવામાં મદદ કરેલી. આથી તે યાદ આવ્યું. ભૂત, ડાકણ, પિશાચનું રહેઠાણ શોધવા વિચાર્યું.

ધાંગધ્રામાં અવાવરી વાવના પાણીમાં ભૂત નહાવા આવે એવું પણ સાંભળેલું. એટલે તે તે ઠેકાણાંઓ શોધવા માંડયાં. તરવાનો શોખ ખૂબ. ભય જેવું જીવનમાં નામ નહીં. ભણવું નકામું. ભૂત હાથ લાગે તો બેડો પાર. પરંતુ મારાં બા અને દાદી આ વસ્તુથી વિરુદ્ધ કોઇ મને ટેકો ન આપે. બૈરાં કાળી ચૌદશે ઉતાર કાઢે. કુંડાળામાં બલિદાન નાંખે એ ભૂત ખાય એવી માન્યતા. તેથી એ ખાવા આવશે એમ માનેલું. વળી ભૂતો સ્મશાનમાં રહે છે. એ પાપી જીવો છે તેથી મનુષ્યથી ડરે છે. એમને મારે રાજી રાખવા હતા અને સાધીને સિદ્ધિ મેળવવી હતી.



એકવાર વાંચેલું કે હરપાલ દેવે બાબરા ભૂતને વશ કરી બધાં ગામ જીતી લીધાં. તે દંતકથા છે. આ વાત મેં સાંભળેલી. કિન્તુ મારે તો ગામો નથી જીતવાં ભગવાન પકડવા છે. મારા અખતરા શરૂ થયા. કાળી ચૌદશે સ્મશાનમાં રહેવા માંડયું. આજુબાજુનાં સર્વ ગામોનાં સ્મશાનોની મુલાકાત લઇ લીધી. એવા કૂવા જ્યાં કોઇ ન જાય, ત્યાં તેઓશ્રી જાય. બૈરાંઓ કકળાટ કાઢે તે ભૂતનો ભાગ હોય એટલે તે ખાઇ જાય, કે ભૂત ગુસ્સે થઇને પણ તેમની પાસે આવે છે? માતાની બીક લાગે પણ "પકડા સો પકડા." એને છોડવું નહીં એવી મનોવૃત્તિ છેક નાનપણથી જ રહી.

એવી માન્યતા કે અવાવરુ વાવ કૂવામાં ડાકણ આવે. તેથી ડાકણને પકડવાનો વિચાર આવ્યો. ભયને તો વશ કરેલો જ હતો. એ સમયે વઢવાણ શહેર અને વઢવાણ કેમ્પ વચ્ચે એક વાવ. ત્યાં ડાકણ આવે જ છે એવા ખબર મેળવ્યા. તે સમયે તેઓશ્રી ભઢવાણ ભણે. રાત્રે બે વાગે ચાલીને વાવ પાસે ગયા. વાવ ખૂબ અવાવરુ. એમને થયું આવા કચરામાં ડાકણ આવે ક્યાંથી? તેથી કચરો સાફ કર્યો. આમે ડાકણ મનુષ્યથી બીએ માટે આપણે તેનો ભય કાઢવો જોઇએ. એ પ્રભુના હાથની વાત છે એમ વિચાર્યું પણ ડાકણનો મેળાપ કરવાનો છે, એ સિવાય ચિત્ત બીજે ક્યાંય ચોંટે નહીં.

સાંભળેલું કે ડાકણો આ સ્થાનમાં નગ્ન અવસ્થામાં આવે છે. હું આતુરતાપૂર્વક છેલ્લે પગથિયે બેઠો. પગ ધીરેથી પાણીમાં બોળ્યા. રખે ખળભળાટથી તે ભાગી જાય! આજે તો ડાકણને પગ ભલે અડી જાય. એટલે તો ઢીંચણ સુધી પગ પાણીમાં બોળેલા. આ બધામાં મેં ગાયત્રી માને મારી સાથે રાખેલી. થોડો વખત

થયો. હું નીચે હતો અને ભાસ થયો કે કોઇક આવે છે. ફટફટ પગલાં પડયાં. આ ભૂતનાં પગલાં છે એમ માન્યું. "પ્રભુ તારી કૃપા. આજે મારો ઉદ્ધાર થઇ જશે." તે અવાજ વધુ ને વધુ નજીક આવતો ગયો. જાણે મારા માથા પર જ પગ આવશે એવો મને ભાસ થયો. આથી મેં આંખ બંધ કરી હાથ ઊંચા કરી પકડવાની તૈયારી કરી. મારી આંખ બંધ છે. પગલાં ઉપરથી આ માણસ પહાડી લાગે છે. મારા માથા પર જ આવશે. આવશે તો પકડાશે કે મારી શક્તિ બહાર જતું રહેશે? આવે તો તેના પગ પકડી લઉં. આ ભૂત મારે હાથમાંથી જવા દેવાનું નથી, નહીંતર ફરી મારે હાથ નહીં લાગે. મને મારી તાકાત પર પૂરેપૂરો ગર્વ. હું એને હેઠે પાડી મારો કરી લઉં તે જ રટણ. એટલામાં તેનો પગ મારા શરીરને અડયો. એણે બૂમ પાડી, "એ ભૂત! હું એને ભૂત સમજું એ મને." એ ભૂત હેઠો પડી ગયો. મને થયું હેઠો પડે તે ભૂત ન હોય. એ ભાગ્યો. હું એની પાછળ પાછળ ભાગ્યો. હું એને ભૂત સમજું છું, એ મને ભૂત સમજે છે. હું એની પાછળ દોડતો હતો, ત્યારે વચ્ચે આવળનું ઝાડ આવ્યું. એ પડયો, એના ઉપર હું પડયો. એથી એણે ચીસ પાડી. મેં એના માથા પર હાથ મૂક્યો તો માથે પાઘડી લાગી! એ તો ભરવાડ હતો. તેનું નામ રોખડ. તે અમારે ત્યાં ગાય દોહવા આવતો. રોજ સવારે આવે પણ બીજા દિવસે સવારે ન આવ્યો. હું તેના ઘરે ગયો. તો ગઇકાલ રાત્રિના પ્રસંગ પછી બહુ તાવ ચઢયો હતો. એ મને નહોતો ઓળખી શક્યો, પણ હું તો તેને ઓળખી ગયો હતો. મેં બાને વાત કરી. બાએ મને માર્યો અને હવે હું આવું નહીં કરું તેવું વચન લીધું.

મારી આટલી શોધ પછી ભૂતપિશાચ યોનિ છે એ વાત મને ગળે ઊતરતી નથી. ભૂતના વહેમે લોકોને ભૂતની ગભરામણ મૂકી



દીધી છે. જો ભૂત હોય તો આટલા પરિશ્રમ પછી આવે જ, એમ મને લાગ્યું.

આ ભૂતની શોધમાં સતત ગાયત્રી માતાનું સ્વરૂપ મારી સાથે હતું જ.

**પ્રશ્ન** : મારા દાદા કહેતા કે જ્યાં ગાયત્રી હોય ત્યાં ભૂત ન આવે. (ભૂતપિશાચ નિકટ ના આવે) ગાયત્રી ચાલીસા.

**જવાબ** : સંભવ છે. પણ આ બધી લોકવાયકાઓ. જો તમે તેનું અસ્તિત્વ સ્વીકારો તો ચાલે. ઈંગ્લૅંડમાં પણ આના ગોરખધંધા ઘણા ચાલે છે. મીરા દાતારમાં પણ હું ગયો છું, પણ મને સંતોષ થયો નથી.

આ પછી ભૂતની શોધ છોડી ઈશ્વરની શોધ આદરવાની વૃત્તિ જાગી. એટલે હું અભ્યાસના માર્ગે આગળ ચાલ્યો. ગીતામાં કહ્યું છે, "તમે તમારા મિત્ર છો અને તમે જ તમારા શત્રુ છો." વળી વિવેકાનંદે કહ્યું છે કે "You are the creater and maker of your self" એટલે મેં મા સરસ્વતીની ઉપાસના શરૂ કરી.

(ક્રમશઃ)

## સુવાક્ય

મુક્તિનો માર્ગ એક જ હોય છે. ત્રણે કાળમાં એમ જ છે. સંપ્રદાયો તે માર્ગ ઉપર પ્રકાશ આપતા વિજળીનાં થાંભલા જેવા છે. પથિકનું કર્તવ્ય થાંભલાને ચોંટી રહેવાનું નથી, પરંતુ તેની રોશની દ્વારા માર્ગ ઉપર સંભાળપૂર્વક યાત્રા કરવાનું છે—અને તેમાં જ મુક્તિ છે.

# કબીરસુધા

**પરમાર્થી**

ભક્તિ હિંડોલના હો, પ્રેમભક્તિ હિંડોલના હો.
જહાં સબ સંતન કિયો વિશ્રામ—ટેક.

સદ્‌ગુરુ કબીર સાહેબે 'પ્રેમભક્તિ' શબ્દનો પ્રયોગ સકારણ કર્યો લાગે છે. પ્રથમ પંક્તિમાં 'ભક્તિ' શબ્દના પ્રયોગથી તેમને સંતોષ થયો નહિ. એકલો 'ભક્તિ' શબ્દ વાપરવાથી ચીલાચાલુ ભક્તિ કોઈ સમજી ન બેસે તેથી તરત જ બીજી પંક્તિમાં ભક્તિ સાથે પ્રેમને જોડી દીધો. ભક્તિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ બતાવવાની તેમની ઝંખના લાગે છે. કબીર સાહેબના સમયમાં બાહ્યભક્તિનો વિશેષ પ્રચાર હતો. દીવો સળગાવવો, મંદિરે જવું, ધૂપસળી સળગાવવી, હાથમાં માળા રાખવી, ટીલાં ટપકાં કરવા વગેરે ભક્તિની નિશાનીઓ ગણાતી. પરંતુ તેવી ભક્તિથી જીવનો ઉદ્ધાર થતો નથી. તેવી ભક્તિ વૈધિભક્તિ કહેવાય. વિધિઓમાં જ તે અટવાય ને પૂર્ણ થાય. જીવને મુક્તિના ધામ સુધી તે પહોંચાડે નહિ. તેથી સદ્‌ગુરુ કબીર સાહેબે ભક્તિની સાથે પ્રેમ શબ્દ જોડી દીધો અને ઉત્તમ પ્રકારની ભક્તિનો નિર્દેશ કરી દીધો. જે પ્રેમભક્તિરૂપી ઝૂલામાં ઝૂલી તમામ સંતજનોએ મુક્તિનું પરમ સુખ પ્રાપ્ત કર્યું છે, તે ભક્તિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ સમજવું જોઈએ એવું અહીં અભિપ્રેત છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણવાણી પણ એવા જ પ્રકારનો ભાવનિર્દેશ કરે છે :

મારામાં મન જોડતાં શ્રદ્ધા ખૂબ કરી,
સંધાઈ મુજ સાથ જે મુજને સર્વ ધરી,



કરતાં ભક્તિ માનજે ઉત્તમ તું તેને,
ઉત્તમ યોગી મુજ મહીં આસક્તિ જેને.

(સરળગીતા અ. ૧૨–૩, ૪)

અર્થાત્ હૃદય અત્યંત શ્રદ્ધાથી સંપન્ન હોય, હાલતાં—ચાલતાં મન પ્રભુમાં જ જોડેલું રાખતો હોય અને તે ભક્ત સંપૂર્ણ સમર્પણ કરી દઈને પ્રભુમાં જ એકરસ થઈ જાય તો તે ભક્ત ઉત્તમ એમ શ્રીકૃષ્ણ અર્જુનને શીખવી રહ્યા છે. પ્રેમભક્તિ શબ્દદ્વારા પણ તેવો જ વિશાળ અર્થ નિષ્પન્ન થાય છે. પ્રેમ વિના ભક્તિ આડંબરમાં સરી પડે અને વિધિઓમાં જ મનને રમાડયા કરે. પ્રેમની શરત તો ભારી હોય છે. તે મોટો ભોગ માંગી લે છે. કાચાપોચા માણસનું ત્યાં કામ નથી :

પ્રેમ પિયાલા જો પિયૈ સીસ દચ્છિના દેય,
લોભી સીસ ન દે સકે નામ પ્રેમકા લેય.

શિરને સાટે પ્રેમ મળે છે. માથાની દક્ષિણા ચૂકવી શકે તે જ પ્રેમનો પ્યાલો પી શકે છે. લોભી તો માત્ર પ્રેમનું નામ જ બોલ્યા કરે છે. એનાથી માથું આપી શકાતું નથી :

પીયા ચાહે પ્રેમરસ, રાખા ચાહે માન,
એક મ્યાનમેં દો ખડગ દેખા સુના ન કાન.

પ્રેમરસ પણ પીવો છે અને માન પણ રાખવું છે એ બંને એકી સાથે કેવી રીતે પ્રાપ્ત થાય? એક મ્યાનમાં બે તલવાર કદી જોઈ કે સાંભળી છે ખરી?

જબ મૈં થા તબ હરિ નહિ, અબ હરિ હૈ હમ નાહિ,
પ્રેમ ગલી અતિ સાંકરી તામેં દો ન સમાહિ.

મૈં એટલે હું, અહંકાર. જ્યાં સુધી અહંકાર હોય ત્યાં સુધી

હરિનું મિલન થઇ શકતું નથી. મતલબ કે સર્વ સમર્પણ ભાવ પ્રગટવો જોઇએ. મારાપણાનો સહેજ પણ ભાવ બાકી રહેવો ન જોઇએ. પ્રેમની ગલીમાં બે વસ્તુ સાથે રહી શકતી નથી. શ્રી રામકૃષ્ણદેવ મા મા કરતાં રડતા તોપણ મા કાલીનું હૈયું પીગળ્યું નહિ, પણ જેવી તલવાર હાથમાં લીધી ને માથું કાપી પોતાનું બલિદાન આપવાની તૈયારી કીધી તેવી જ કરુણામયી માથી રહેવાયું નહિ અને સાક્ષાત્ પ્રગટપણે દર્શન આપ્યાં હતાં તે અહીં યાદ આવે છે. પૂજ્ય યોગેશ્વરજીના જીવનમાં પણ એવો જ બનાવ બન્યો હતો. પૂજ્યશ્રીએ એકવાર આમરણાંત ઉપવાસો ચાલુ કર્યા હતા. સવાર સાંજ પાણીના પાંચ જ ઘૂંટડા પીવા એવા કપરા વ્રતમાં તેઓ દિવસો પસાર કરતા હતા. છતાં જગદમ્બાનું દર્શન થતું ન હતું. છેવટે પાણી પણ ન પીવાનો નિર્ધાર તેમણે કર્યો હતો. તે સ્થિતિમાં મા જગદમ્બાએ એક સુંદર અનુભૂતિની લાલચ ધરી દીધી હતી. આકાશવાણી દ્વારા માએ કહ્યું કે "પાણી પીવાનું ચાલુ રાખો, હું બે જ દિવસમાં તમારી પાસે આવીશ." તોપણ પૂજ્યશ્રી વિચલિત થયા નહોતા. તેમણે માને કહેલું કે "એવી વાણી તો બહુ સાંભળી. મારે પાણી નથી પીવું." એવી અનુભૂતિ તો અનેક વાર થઇ છે. સર્વસમર્પિત ન થયો હોય તેવો ભક્ત તો આવી સ્થિતિમાં પાણી પી જ લે. પરંતુ પૂજ્યશ્રી તો જીવનનું દાન દેવા તૈયાર થઇ ગયા હતા. તેમને બીજી કોઇ વસ્તુ ખપતી જ નહોતી. જગદમ્બાની સતત સંનિધિ સિવાય અન્ય કોઇ વાતમાં તેમને રસ નહોતો. મા સર્વેશ્વરીએ તે સમયની સ્થિતિનું સુંદર વર્ણન શ્રી યોગેશ્વર લીલામૃતમાં કરતાં કહ્યું છે :

તલસી તડપી કરગરી કરતા પ્રાર્થના
દ્રવી જતાં જગદમ્બા ઘડીભર સાંભળી !



લલચાવે અનુભૂતિઓની લાલચે
સાન્ત્વન દઇને કરતાં કસોટી આકરી ! (૧૧/૧૧)
પ્રચંડ પડતા પડઘા પ્રાણ પોકારના
જગદમ્બાનું દ્રવી જતું હૈયું ખરે !
પ્રગટીને રીઝવતાં દર્શન દઇ દઇ,
થતી ન તૃપ્તિ તદપિ તમને અંતરે ! (૧૨/૧૪)

ખુદ મા સર્વેશ્વરીના જીવનમાં પ્રેમભક્તિ પ્રફુલ્લિતપણે સાકાર થયેલી આપણને નજરે પડે છે. તેમના ઉપવાસી જીવનનાં ૧૦ વર્ષ તો પૂર્ણ થયાં. છતાં તેઓ પોતાના આદર્શમાં સ્થિર રહ્યાં છે તે પ્રેમભક્તિના પરિણામે જ. પોતાનો આદર્શ સિદ્ધ ન થાય તો આવા બાર જન્મો સુધી પણ તપમાં તડપી તડપીને પ્રાણ ત્યાગવાની તેમની તૈયારી તેમનાં સર્વસમર્પણભાવને વ્યક્ત કરે છે. હજી તેમની સૂકલડી કાયા દેશવિદેશમાં વિચરણ કરી જાણે કે ચમત્કાર કરી રહી છે. નથી થયા કદી પથારીવશ કે નથી માંગી કદી ડોક્ટરની સેવા ! ગમે તેવી સ્થિતિમાં ને ગમે તેવા કોલાહલમાં પણ તેઓ એકાન્ત ખોળી લે છે ને પોતાના મનને પ્રભુમાં જોડેલું રાખે છે.

દેહભાવ ના રહ્યો લગીર,
આતમભાવમાં સદાયે સ્થિર.

આપણે તો તેમની તપશ્ચર્યાના સાક્ષી છીએ. આ કોઇ પૌરાણિક દૃષ્ટાંત નથી. સદી બે સદી પહેલાંની વાત પણ નથી. આ તો આપણી સમક્ષ થઇ રહેલી નક્કર હકીકત છે. મા સર્વેશ્વરીનું જીવન શાસ્ત્રોક્ત પ્રેમભક્તિનું સુંદર ઉદાહરણ છે.

નારદભક્તિસૂત્રમાં ભક્તિને પ્રેમસ્વરૂપ કહી છે તેમ શાંડિલ્યભક્તિસૂત્રમાં પણ ભક્તિની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે **सा परा-**

નુક્તિરીશ્વરે । સા એટલે તે ભક્તિ, પરમાત્મા પ્રત્યે પરમ અનુરાગ-વાળી હોય છે. પરમ અનુરાગ તે જ પ્રેમ. પ્રેમમાં સંપૂર્ણ સમ-ર્પણભાવ સમાયેલો છે. સદ્‌ગુરુ કબીર સાહેબ કહે છે તેમ તેવા પ્રેમમાં ભક્ત માથાની દક્ષિણા આપી દેવા તૈયાર થઇ જાય છે. કામી કે લોભી કોઇવાર આવેશમાં આવી જઇ પ્રેમનું તત્ત્વજ્ઞાન બોલતો હોય છે પણ તે થોડા સમય માટે જ. આવેશ શમી જાય એટલે પ્રેમ કેવી ને વાત કેવી ! પ્રેમનો નશો એવો નથી હોતો. તે તો ચિરંજીવી હોય છે. તેથી કબીર સાહેબે સાચું જ કહ્યું છે કે—

છિન હિ ચઢૈ છિન ઊતરૈ સો તો પ્રેમ ન હોય,
અઘટ પ્રેમ પિંજર બસૈ પ્રેમ કહાવૈ સોય.

પ્રેમને સ્થૂળ આધારની આવશ્યકતા હોતી નથી. ભલે ને તે દેહરૂપી પિંજરમાં પ્રગટ થતો જણાય ! તે પ્રગટ થાય પછી નશાની જેમ શમી જતો નથી. તે તો વધારે ને વધારે તીવ્રતાપૂર્વક સાકાર થતો જ રહે છે :

પ્રીતિ જો લાગિ ધુલ ગઇ પૈઠિ ગઇ મનમાંહિ,
રોમ રોમ પિઉ—પિઉ કરૈ, મુખકી સરધા નાહિ.

પ્રેમ એવું એક રસાયણ છે કે તે લાગતાંની સાથે જ રગરગમાં જાણે કે એકરસ થઇને પિયુ પિયુ પોકાર કર્યા કરે છે. તેને મોઢાનો વિશ્વાસ રહેતો નથી. તેથી જ સાક્ષાત્ જગદમ્બાએ મહાત્માજીને પાણી પીવાનું ચાલુ રાખવા સૂચવ્યું હતું તોપણ મહાત્માજીએ તે માન્યું ન હતું. તેવી વાણીમાં તેમને વિશ્વાસ મૂકવાની ધીરજ હોતી નથી. સદ્‌ગુરુ કબીર સાહેબ એવા જ પ્રેમને ભક્તિનું ઉત્કૃષ્ટ સ્વરૂપ ગણે છે. તેવી ભક્તિ વિના જીવનું કલ્યાણ થતું નથી. તેવી ઉત્તમ ભક્તિની વાત રજૂ કરવા કબીર સાહેબે 'પ્રેમભક્તિ' શબ્દ પ્રયોજ્યો કહેવાય. □



# સત્સંગ મેળો

તંત્રી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાંનિધ્યમાં રાજકોટ ખાતે તા. ૨૭–૧૧–૯૪ ના રોજ એક દિવસ માટેનો સત્સંગ મેળો શ્રી જે. કે. પટેલના પ્રયાસોથી યોજવામાં આવી રહ્યો છે. સત્સંગ મેળાના કાર્યક્રમમાં, ભજન, ધૂન, વિડિયો કેસેટ તેમ જ પ્રવચનોનો સમાવેશ થશે. તેનું સ્થળ છે સવાણી હોલ, મ્યુ. ફાયર બ્રેગેડ સામે, કાલાવાડ રોડ, રાજકોટ. અને સમય છે સવારે ૧૦–૦૦ થી ૧–૦૦. તે પછી તે જ સ્થળ ઉપર સહુ સાધક ભાઇબહેનો માટે મહાપ્રસાદની વ્યવસ્થા છે.

સહુ સાધક ભાઇબહેનોને તેમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે. બહારગામથી આગલા દિવસે આવનાર સાધકો માટે એ જ હોલમાં ઉતારા અને સાંજના ભોજનની વ્યવસ્થા પણ છે. તે રાતે ૯ થી ૧૦ ત્યાં ભજન–ધૂનનો કાર્યક્રમ પણ રાખેલ છે.

સત્સંગ મેળા પ્રસંગે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના મધુર કંઠે ગવાયેલ ભજનો, ગીતો તેમ જ શ્રી ગુરુલીલામૃતની બધી મળી ૨૦ કેસેટોના બે સેટ પણ રાહતના દરે વેચાણ માટે મૂકવામાં આવશે. આ જ કેસેટોના સેટ વિદેશમાં તા. ૨૫–૧૨–૯૪ ના રોજથી ઉપલબ્ધ થશે. તે મેળવવાનું સરનામું નીચે મુજબ છેઃ—

VINOD K. PATEL
8224, Kennedy Blvd, North Bergen,
N. J. 07047, U. S. A.

# નૂતન વર્ષ – દિવાળી

યોગેશ્વર

યોગી ભર્તૃહરિએ પોતાના વૈરાગ્યશતકમાં કહ્યું છે :

यत्रानेकः क्वचिदपि गृहे तत्र तिष्ठत्यथैको
यत्राप्येकस्तदनु बहवस्तत्र चान्ते न चैकः ।
इत्थं चेमौ रजनिदिवसौ दोलयन्नि द्वाविवाक्षो
कालः काल्या भुवनफलके क्रीडति प्राणिशारैः ॥

અર્થાત્ 'એક ઘરમાં અનેક માણસો હતાં ત્યાં એક જ દેખાય છે. જ્યાં એક માણસ હતો ત્યાં કેટલાય થયા અને અંતે કોઈપણ બાકી ના રહ્યું. એવી રીતે રાત અને દિવસના બે પાસા ફેંકતો કાળ પ્રાણીઓરૂપી સોગટીઓથી સંસારરૂપી વિશાળ સનાતન ચોપાટ પર કાળ સાથે ક્રીડા કરે છે.'

એ કાળક્રીડાનું એક વિશેષ ચક્ર પૂરું થયું. એના વિશાળ રસમય રંગમંચ પરના એક અનોખા અભિનયનો અંત આવ્યો. એનો એક અંક પૂરો થયો. એની ઉપર કામચલાઉ પડદો પડી ગયો. એક વર્ષ—અલબત્ત માનવીય ગણના પ્રમાણેનું એક વર્ષ પૂરું થયું, અને એક બીજું વર્ષ શરૂ થયું. નૂતન વર્ષ અથવા બેસતા વર્ષનું એ પર્વ યુગોથી ઉજવાઇ રહ્યું છે તોપણ પુરાણું નથી થયું, નીરસ નથી બન્યું, અથવા ઓછું આકર્ષક નથી રહ્યું. આજે પણ એને એવા જ અવનવા આનંદપૂર્વક ઉજવવામાં આવે છે. રોજ મોડા ઊઠનારા માણસો પણ આજના પવિત્ર પર્વ દિવસના માહાત્મ્યનું સ્મરણ કરીને શાસ્ત્રમર્યાદાનું પાલન કરતા હોય તેમ



બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી ગયા હશે, સ્નાનાદિથી નિવૃત્ત થયા હશે, અને દેવમંદિરોમાં દર્શન કરવા જઇને, જે મળે તેમને નૂતન વર્ષાભિનંદન અથવા સાલમુબારક કહીને પ્રસન્ન થયા હશે. નાના મોટાને પગે લાગ્યા હશે અથવા એમને પ્રણામ કરીને એમના શુભાશીર્વાદ મેળવીને ધન્ય બન્યા હશે. નવાં વસ્ત્રો પહેરવાનું, મિષ્ટાન્ન જમવાનું અને મિત્રો, મુરબ્બીઓ તથા પૂજ્ય પુરુષોને મળવાનું આજે સવિશેષ ધ્યાન રખાયું હશે. આજનો દિવસ એવી રીતે આનંદનો અને ઉત્સવનો હશે.

કાળચક્રનું એક વિશેષ વર્ષ પૂરું થયું અને એક વિશેષ વર્ષ આરંભાયું. આપણે એનો ઉત્સવ કરીએ તે બરાબર છે. ઉત્સવ કરવાનો આપણને અધિકાર છે. આપણો સ્વભાવ છે. પરંતુ એથી આગળ વધીને આપણે ચિંતન પણ કરવું જોઇએ અથવા કહો કે આત્મનિરીક્ષણ. વીતેલા વરસનો વિચાર કરીને એની સફળતાઓ અને નિષ્ફળતાઓનું સરવૈયું કાઢીને, એના ગુણદોષોનો હિસાબ કરીને ક્ષતિઓને દૂર કરવાનો અને વિશેષતાઓને વધારવાનો, અશુભમાંથી મુક્તિ મેળવવાનો અને શુભને વધારે ને વધારે પ્રમાણમાં સુદૃઢ કરવાનો સંકલ્પ કરીએ. કાર્યક્રમ ઘડીએ અને એને વફાદાર રહીએ. આપણા જીવનના આદર્શોનું સ્મરણ કરીએ. જે લક્ષ્યાંકોની સિદ્ધિ કરવાના સંકલ્પો સેવ્યા છે તેમને સફળ કરવાના સંકલ્પો કરીએ. વીતેલા વર્ષના રાગદ્વેષો, મતભેદો અને મનભેદો, ઈર્ષ્યાઓ અને મદમત્સરોને દફનાવી દેવાની કોશિશ કરીને જીવનને નવા વર્ષ દરમિયાન નવો આકાર આપવાનો નિર્ણય લઇએ, તો નૂતન વર્ષ સાચેસાચ નૂતન વર્ષ બની શકે ને કેલેન્ડરમાં જ ના રહે પરંતુ જીવનમાં મૂર્તિમંત બને. નૂતન વર્ષમાં માનવમાત્રને માટે એવી રીતે ઘણી ઘણી શક્યતાઓ રહેલી છે.

એમને સાકાર કરીએ તો નૂતન વર્ષનો ઉત્સવ સફળ બને. બાકી તો કાળદેવતા પોતાનું કાર્ય કર્યે જાય છે, અને એક દિવસ નૂતન વર્ષની પરંપરા પણ પૂરી થશે. કારણકે એનો ઉત્સવ કરવા માટે આપણે હોઈશું પણ નહિ.

આજના પવિત્ર પર્વ દિવસે કેવળ હાથ ના મેળવીએ, હૈયાં પણ મળે એવું કરીએ. કેવળ મુખમાંથી જ મંગલ શબ્દોચ્ચાર ના કરીએ, અંતરને પણ અભિલાષાઓથી અલંકૃત અને શુભભાવનાઓથી ભરપૂર કરીને બોલતું કરીએ. આજે આંખમાં જ ચમક ના હોય, અંતરમાં અને આત્મામાં પણ હોય. વસ્ત્રપરિધાન કેવળ બહારનાં જ ના હોય, અંદરના—સદ્‌વિચાર—સદ્‌ભાવ અને સત્‌કર્મોનાં પણ હોય. અભિનંદન અંતરનાં પણ હોય અને નવી સાલ મુબારક બને, બરબાદ ના થાય એને માટેનું અનુકૂળ મંગલમય આચરણ કરવાનો નિરધાર કરીએ. નૂતન વર્ષ આપણે માટે જ નહિ પરંતુ બીજા બધાને માટે, વધારેમાં વધારે માનવોને માટે, સમસ્ત રાષ્ટ્ર અને સંસારને માટે, સુખશાંતિ, સમૃદ્ધિદાયક, ક્લેશવિદારક, કલ્યાણકારક નૂતન વર્ષ બને એવું આપણે ઇચ્છીએ. આજના દિવસ દરમ્યાન જે ચેતના, ઉત્સાહ, સદ્‌ભાવ અને તરવરાટ દેખાય છે તે આવતી કાલે શમી ના જાય પરંતુ કાયમ રહે, દિનપ્રતિદિન ઉત્તરોત્તર વધ્યા કરે, અને એવી રીતે નૂતન વર્ષ આજના દિવસ પૂરતું મર્યાદિત નહિ પરંતુ કાયમનું બને એને માટે આપણે પ્રામાણિકપણે પ્રયત્નો કરીએ.

દિવાળી અને નૂતન વર્ષનાં પર્વો એકમેકની સાથે સંકળાયેલાં છે. દિવાળી વર્ષનો છેવટનો દિવસ અને લક્ષ્મીપૂજનનો ઉત્સવદિવસ મનાય છે. એ દિવસે વેપારીઓ ચોપડાપૂજન કરે છે.



માણસે એવી રીતે પોતાના વીતેલા વરસના જીવનરૂપી ચોપડાને પૂરેપૂરો તપાસવો જોઈએ, અને જમા—ઉધારનાં પાસાંનો પૂરેપૂરો વિચાર કરવો જોઈએ.

દિવાળીના દિવસે ઘરમાં અને ઘરની બહાર દીવા કરવામાં આવે છે. એ દીવા શાને માટે છે અને શેના છે? માનવના જીવનમાં, દિલ અને દિમાગમાં એવા જ દીવા પ્રગટાવવાના છે. સ્નેહના, ક્ષમાના, દયાના, શીલના, સંયમના, જ્ઞાનના, સંપના, સદ્‌ભાવના અને સેવાભાવના દીવા. જ્યાં જ્યાં અવિદ્યારૂપી આસુરી સંપત્તિનો અંધકાર છે ત્યાં ત્યાંથી તેને દૂર કરવાનો છે, અને નવા પ્રકાશને પ્રકટાવવાનો છે. આપણે જે બહારના દીવા કરીએ છીએ તે એની દીક્ષા માટે છે. આપણી અંદર પણ એવા દીવા થવા જોઈએ. સંપ, સ્નેહ, સહકારના એવા દીવા સમાજમાં પણ સર્વત્ર થવા જોઈએ. એને માટે બીજાને આપણી શક્તિના પ્રમાણમાં મદદરૂપ થવાનું વ્રત આપણે લેવું જોઈએ. સમાજમાં જ્યાં જ્યાં નિરક્ષરતા, દીનતા, ભેદભાવ, દુઃખ અને એવા બીજા અંધકારના અવશેષ છે ત્યાં ત્યાંથી તેમને દૂર કરીને પ્રકાશ પાથરવાનો પ્રયાસ કરવો જોઈએ.

દીપક આત્માનું પણ પ્રતીક છે. આત્માને શાસ્ત્રોમાં જ્યોતિસ્વરૂપ—જ્યોતિઓનો જ્યોતિ કહ્યો છે. એ જ્યોતિને ઓળખવા માટે પવિત્ર, પ્રેમમય, પ્રકાશિત જીવન જોઈએ. એને સારું સમજપૂર્વકની સાધના જોઈએ. દીપક પ્રકટાવીને મંદિરમાં અખંડ દીપક રાખીને અને દીપકની ઉપાસના કરીને આપણે આત્માનું સ્મરણ કરીએ છીએ અને આત્માના સાક્ષાત્કારનો સંકલ્પ સેવીએ છીએ ખરા? એવો સંકલ્પ ના સેવતા હોઈએ તો સેવવો જોઈએ તો જ દીપાવલીનો ઉત્સવ સાર્થક ઠરી શકે.

પેલા ભક્તકવિએ કેટલું સુંદર અને સાચું કહ્યું છે :

દીવો કરો રે દીવો કરો દિલમાં દીવો કરો,
કૂડા કામક્રોધને પરહરો રે દિલમાં....
દયા દિવેલ, પ્રેમ પરણાયું લાવો માંહી સુરતાની દિવેટ વણાવો,
પછી બ્રહ્મઅગ્નિને ચેતાવો રે દિલમાં....
દીવો અણભે પ્રગટે એવો, ટાળે તિમિરના જેવો,
એને નેણે તો નીરખી લેવો રે દિલમાં....
સાચા દિલનો દીવો જ્યારે થાશે ત્યારે અંધારું મટી જાશે,
પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે દિલમાં....
દાસ રણછોડ ઘર સંભાળ્યું, જડી કૂંચી ને ઊઘડયું તાળું;
થયું ભોમંડળમાં અજવાળું રે દિલમાં....

આપણાં પરંપરાગત પર્વોને આવી જાગૃતિપૂર્વક ઉજવીએ તો કેટલો બધો લાભ થાય? દિવાળી અને નૂતન વર્ષનો આનંદ એકાદ–બે દિવસ પૂરતો મર્યાદિત રહેવાને બદલે રોજનો બની જાય. જીવન ઉજ્જવળ અને અવનવું થાય.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૬૬૮૨૩૧



શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ

# એક અનોખું વ્યક્તિત્વ

રાજુ ભાવસાર

પૂ. શ્રીમા કહે છે : "આપણે બધા જ જાણીએ છીએ કે આ સંસારમાં આપણે અતિથિની જેમ આવ્યા છીએ અને એક અતિથિની જેમ જ જવાનું છે. પરંતુ તે પ્રમાણે કેટલાં જીવી શકે છે? અને જ્યારે પોતાનાં જ સ્વજનો પોતાને અતિથિ બનાવી દે છે ત્યારે દુઃખ થાય છે."

પરંતુ પૂ. શ્રીમા–પ્રભુની કૃપા થકી અમને એવા ભાગવત માનવોની વચ્ચે રહેવાનું, તેમનું જીવન જોવાનું સદ્‌ભાગ્ય મળ્યું. જેઓ પોતાના ઘરમાં જ પોતાનાં બાળકોની વચ્ચે રહીને પણ અલિપ્ત રહે છે. તેમ છતાં ઘરના વડીલ તરીકે એક સંતુલિત કૌટુંબિક વાતાવરણ પણ જાળવી રાખે છે. અને પોતાની ફરજો અને જવાબદારીઓનું સંપૂર્ણપણે પાલન કરતાં કરતાં, ભગવદ્ સ્મરણ અને પ્રભુકાર્યને પોતાની નિવૃત્તિકાળનો ટેકો બનાવી ખૂબ જ આનંદમાં દિવસો પસાર કરે છે.

તેમનું નામ શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ. ઘરમાં બધાં તેમને 'બાપુજી'ના નામથી બોલાવે છે. તેઓ મૂળ તો સાબરકાંઠાના બડોલી ગામના છે. પરંતુ જન્મથી જ મુંબઈમાં રહે છે. આજે પંચોતેર વર્ષની ઉંમરે પણ તે એટલા જ સશક્ત છે. એને પ્રભુ-ની કૃપા ગણાવે છે. પૂ. શ્રી યોગેશ્વરજીના અને પૂ. મા સર્વેશ્વરીના કૃપાપાત્ર એ સંતપ્રેમીના અનુકરણીય જીવનનું દર્શન ખરેખર

કરવા જેવું છે. પોતાના પુત્રોમાં પણ એમણે ભક્તિ અને પ્રભુપ્રેમ જગાડયો છે. તેમના પુત્રો પૈકી શ્રી મધુભાઇ, વગેરે આજે પણ પૂ. મા–પ્રભુના કાર્યમાં મહત્ત્વનો ફાળો આપી રહ્યા છે. આખું કુટુંબ જ પૂ. શ્રી તથા પૂ. માને સમર્પિત છે. અને બધાં એકબીજાની કડી બનીને રાતદિવસ જોયા વગર પ્રભુકાર્યમાં જોડાઇ જાય છે. અને તેથી જ પ્રભુકૃપાના અધિકારી બની ગયા છે.

તેઓને પૂ. શ્રી યોગેશ્વરજીનો પરિચય લગભગ ૧૯૪૦ માં શ્રી નારાયણભાઇ જાની દ્વારા થયો. ત્યારે પૂ. શ્રી યોગેશ્વરજી, તેમના ગામ બડોલીમાં પધાર્યા હતા. અને જાણ થતાં જ તે સંત-પ્રેમી ત્યાં પહોંચી ગયા. આ ઓળખાણ તેમના માટે સોનાની ખાણ બની રહી. ત્યાર બાદ પૂ. શ્રી યોગેશ્વરજી જ્યારે પણ મુંબઇ આવતા ત્યારે ત્યારે તેઓ તેમના દર્શનાર્થે પહોંચી જતા. તે વરસોમાં પૂ. શ્રી તથા પૂ. માતાજી, ખીમજી જીવા સેનેટોરીયમમાં અને પ્રેમકુટિરમાં સાથે ઊતરતા. નોકરીને કારણે રોજ તો જઇ શકતા નહીં પણ દર રવિવારે નિયમિત રીતે પોતાના આખા કુટુંબને લઇને પૂ. શ્રી પાસે જવાનો જાણે એનો નિયમ બની ગયો હતો. આમ તેમણે પોતાનાં બાળકોને માત્ર શાળાકીય કે સામાજિક શિક્ષણ જ નહીં પરંતુ આધ્યાત્મિક શિક્ષણ પણ પૂરતું આપ્યું.

પૂ. શ્રી જ્યારે પણ મુંબઇ આવતા ત્યારે તેઓને જાણ થતી અને અચૂક ત્યાં પહોંચી જતા. પોતાની કામ કરવાની આગવી સૂઝને લીધે તેઓ પૂ. શ્રીની નજરમાં આવી ગયા. પૂ. શ્રીનાં પુસ્તકો જે મુંબઇમાં છપાતાં હોય અથવા તો મુંબઇની બહારથી આવવાનાં હોય અને તેની વિતરણ વ્યવસ્થાનું કાર્ય હોય, તેની વ્યવસ્થિત નોંધ રાખવી અને તેની પૂ. શ્રીને પત્ર દ્વારા જાણ



કરવી તે તેમનું ઘણું અગત્યનું કાર્ય હતું. તેઓની પાસે પૂ. શ્રીના હસ્તલિખિત સોથી પણ વધુ પત્રનો સંગ્રહ છે. જેમાં પૂ. શ્રીએ પુસ્તકો અંગે અથવા તો પ્રવચનો અંગેની જવાબદારી તેઓને આપી છે. સામાન્ય રીતે પૂ. શ્રીના જો ભવન્સ કોલેજ કે થિયોસોફીકલમાં પ્રવચન હોય તો તે સંસ્થા જ તેનો વહીવટ સંભાળતી. પણ તે સિવાય માધવબાગ કે મુંબઇમાં અન્યત્ર જો પૂ. શ્રીના પ્રવચનો ગોઠવવાના હોય તો તેમાં આ ભક્તપુરુષ અને બીજા મિત્રો પોતાના થોડો થોડા પૈસા કાઢીને પણ તે કાર્ય પૂરું પાડતાં. કેવી નિષ્ઠા! કેવો પ્રભુપ્રેમ! ઘણાં બધા લોકો વચ્ચેથી પૂ. શ્રીને છોડીને વિદાય થઇ ગયા જ્યારે શ્રી બાપુજી આજની તારીખે પણ પૂ. શ્રીનું કાર્ય કરી રહ્યા છે.

તેઓની દિનચર્યામાં અત્યારે પણ મોટો ભાગ પ્રભુકાર્ય માટે જ ફાળવેલો છે. આખા દિવસમાં ક્યાંયે આળસનાં દર્શન થતાં નથી. સવારનો મોટાભાગનો સમય પોતાના નિત્ય પાઠ, માળા વગેરેમાં વ્યતિત કરે છે. બપોરના સમયે ભોજન પછી થોડો આરામ કરી છેક સાંજના સાત–આઠ વાગ્યા સુધી ફરી પ્રભુ-કાર્યમાં જોડાઇ જાય છે. માત્ર શારીરિક અસ્વસ્થતા જ તેમના નિયમમાં ભંગ કરી શકે. એ રીતે અતિ નિયમિત પ્રભુકાર્ય કરતા રહે છે. તેમ છતાં વર્તમાન દુનિયાથી તેઓ અજાણ નથી. આધુનિક વિજ્ઞાનથી લઇને રાજકારણ અને અન્ય ઘટનાઓની પણ તેઓ જાણકારી રાખે છે. તેઓશ્રીએ જીવનના રસને આ ઉંમરે પણ અકબંધ રાખ્યો છે. અને નવી પેઢીની સાથે કેવી રીતે મેળ સાધી શકે તેની પણ પૂરી કાળજી રાખી છે. તેથી જ તો આજે આખા કુટુંબમાં સંવાદિતાના સૂર સાંભળવા મળે છે ને! તેઓ પોતાના પુત્રો અને પૌત્રો સાથે બેસીને હળવી મઝાકથી માંડીને નિર્ણયાત્મક વાતો પણ આજે કરે છે. આવું નિખાલસ વાતાવરણ

જાળવી રાખવામાં તેમનો ઘણો મોટો ફાળો છે એ દેખાયા વગર રહેતું નથી.

તેઓ હાલ જે પ્રભુકાર્ય કરી રહ્યા છે, તે ખરેખર કોઇને પણ પ્રેરણા આપનારું બની રહે તેવું છે. પણ તે પ્રભુકાર્યની લગની કેમ લાગી તે જાણવા જેવું છે. પોતે શાળાજીવન દરમ્યાન અતિ-કુશાગ્ર બુદ્ધિશક્તિ ધરાવતા. વળી અંગ્રેજી તેમ જ સંસ્કૃતનો તેમનો અભ્યાસ પણ ઘણો સારો છે. જેથી નવી અને જૂની પેઢી બંનેને સારી રીતે સમજી શકે છે. સંસ્કૃતમાં તેમણે ભંડારકરના પ્રખ્યાત વ્યાકરણનો અભ્યાસ કર્યો છે. સાથે સાથે સંસ્કૃતનાં સુભાષિતો અને કેટલાક ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો છે. આમ તેમની પાસે ઘણું સારું ભાથું છે.

શ્રી બાપુજી ચારેક વર્ષ પહેલાં જ નોકરીમાંથી નિવૃત્ત થયા. ત્યારે નિવૃત્તિકાળ દરમ્યાન પોતાના ગામમાં રહીને ઈશ્વરસ્મરણ કરતાં કરતાં રહેવું એમ નક્કી કર્યું. વિચારનો અમલ કર્યો. ત્યાં ગયા પછી તેઓને મુંઝવણ એ થઇ કે સમય પસાર કેવી રીતે કરવો? તેમનાં ધર્મપત્ની શ્રી ડાહીબા તો સાથે હતાં જ. પરંતુ તેમનો સમય રસોઇ અને ઘરકામમાં વ્યતીત થાય, પણ તેમના માટે સવારના પાઠ, પૂજાના સમય સિવાયના બાકી સમયનો પ્રશ્ન ઊભો થયો. ત્યાં તેમને એક શુભ સંકલ્પ સ્ફુર્યો કે આ ગામના વિદ્યાર્થીઓને મારા જ્ઞાનનો લાભ આપું. પોતાને અંગ્રેજી અને સંસ્કૃતનું સારું જ્ઞાન છે તો તેનો સદુપયોગ આ ગામઠી શાળાના વિદ્યાર્થીઓનું અંગ્રેજી અને સંસ્કૃત સુધારવા માટે કરું. તેમણે એ વિચારને અમલમાં મૂકી દીધો. આસપાસના વિદ્યાર્થી અને અન્ય જેમને રસ હોય તે સૌને પોતાના ઘરે બોલાવી રોજ સાંજે અંગ્રેજીનું શિક્ષણ આપવાનું ચાલુ કર્યું. કેવું અનુકરણીય કાર્ય



તેમણે કેટલી મોટી ઉંમરે શરૂ કર્યું! તેમની ફી નિયમિત હાજરી અને નિયમિત આપેલું લેસન કરવાનું. પરંતુ આ ફી કોઇને પરવડે તેવી ન હતી. કદાચ જો શ્રી બાપુજી ૧૦૦–૨૦૦ રૂપિયા ફી લેતા હોત તો નાછૂટકે તેમને આવવું પડત. પણ ટેલીવીઝનનો જમાનો શરૂ થયો હતો, તેથી વિદ્યાર્થીઓની હાજરી અનિયમિત બનતી ગઇ. ઘણીવાર તો એક કે બે જ જણ હોય. શ્રી બાપુજીને થયું કે જો ભણનારને જ રસ ના હોય તો પછી આપણે ક્યાં સુધી ખેંચ્યા કરીશું? આમ એક સારા કાર્યનો અંત આવ્યો.

પરંતુ તેઓ તો સદા ઉદ્યમી જીવ. સત્કાર્ય જાણે તેમની નસેનસમાં વહે છે. અને પ્રભુ તેમની કામ કરવાની લગનીને અનુકૂળતા પણ કરી આપે છે. થોડો સમય પછી શ્રી ડાહીબાની તબિયત બગડતાં તેમને પરત મુંબઇ પુત્રોની દેખરેખ હેઠળ રહેવાનું બન્યું. હવે અહીં પૂ. શ્રીના વિપુલ સાહિત્યનું વાંચન શરૂ કર્યું. અને ફરી આ ગુણગ્રાહી જીવને સદ્‌વિચાર સ્ફુર્યો. પોતે અનેક આધ્યાત્મિક ગ્રંથો અને સામયિકો વાંચતા. તેમને થયું કે આ સામયિકોમાં પણ પૂ. શ્રીનાં લેખો આવે તો કેટલાં બધા લોકોને એનો લાભ મળે! પૂ. શ્રીનાં લખાણો સામન્ય જન માટે અતિ-ઉપયોગી થઇ પડશે. અને જનતાને પૂ. શ્રીનો વધુ ને વધુ લાભ મળતો રહેશે. તરત જ તેમણે એ અંગેનો પત્રવ્યવહાર બે ત્રણ સામયિકોનાં સરનામાં લઇને ચાલુ કરી દીધો. પોતાનો બપોર પછીનો સમય તે આ પ્રભુકાર્યમાં જ વ્યતિત કરે છે.

તેમની કાર્યપદ્ધતિ પણ અનુકરણીય છે. તેઓ પૂ. શ્રી યોગેશ્વરજીનાં પુસ્તકોમાંથી સમય અને સંજોગ પ્રમાણેના લેખો તારવે છે. તેને ફૂલસ્કેપ પાના પર સ્વચ્છ અને સુઘડ અક્ષરોમાં

લખે છે. ત્યાર બાદ તે લેખને પરબીડીયામાં બીડીને, તેનું વજન કરાવીને યોગ્ય ટીકીટ લગાવવી. તેટલું જ નહીં તે લેખ ક્યાં, કોને, કઇ તારીખે મોકલ્યો તેની એક નોંધપોથી પણ છે. તેમાં નિયમિત નોંધ કરવી! અને તે લેખ છપાય અથવા તે લેખ માટે જે તે સમાયિકના તંત્રીનો કોઇ જવાબ આવે તો તેની પણ વિગતે નોંધ કરવી. કેટલું બધું ચોક્કસ કામ! સમયસર લેખો તૈયાર કરીને મોકલવા તે ઘણું અઘરૂં કામ છે. તે તો જે કરે તે જ જાણે. કોઇપણ જાતના કંટાળા કે આળસ વગર તે આ પ્રભુકાર્ય ખૂબ પ્રેમથી કરી રહ્યા છે. તેમના માટે પૂ. શ્રીના લેખની પ્રવૃત્તિ એક નિયમ બની ગયો છે. પોતાની જાતે જ નિયમ લીધો અને પોતે જ પરીક્ષક બની તેને અતિનિયમિત રીતે પાળી રહ્યા છે. કેવું વિરલ વ્યક્તિત્વ! તેઓનું આખા દિવસનું ચિંતન પણ પ્રભુ અને પ્રભુકાર્ય જ રહે છે.

તેમણે પોતાની પ્રશંસાના પ્રત્યુત્તરમાં સરસ જવાબ આપ્યો : 'આ પ્રભુનું જ કાર્ય છે અને પ્રભુ જ કરાવે છે. પ્રભુએ હજુ દરેક અંગો સલામત રાખ્યાં છે તો તેનું જ કામ કરીએ.' કેટલી સરસ સમજ અને સમજણ પછી તેનું આચરણ.

પ્રભુનું આ કાર્ય કરતાં કરતાં અમે ક્યારેય તેમને ક્રોધ કરતાં જોયા નથી. નથી અન્ય વૃદ્ધોની જેમ એમને પોતાની શારીરિક કે એવી કોઇ ઉપાધિઓનું વર્ણન કરતાં પણ સાંભળ્યા નથી. હરહંમેશ પ્રસન્નતાથી પોતાનો દરેક દિવસ પૂરો કરે છે અને સંપૂર્ણ રીતે પ્રભુને સમર્પિત દિવસ!

તેમનું વ્યક્તિત્વ અનેક ખૂબીઓથી ભરેલું છે. તેનું અવલોકન અનુકરણીય બને તેવું છે. તેમાંનું એક તે અતિથિઓ સાથેનો



વ્યવહાર. પોતાના સંપર્કમાં આવનાર નાના હોય કે મોટા દરેક તેઓની સહજ માનવાચક શૈલી અને બોલવાની ઢબથી સૌના આદરણીય બની રહે છે. પૂ. શ્રી માના દર્શનાર્થે આવતાં ઘણાં લોકોનો તેમને પરિચય હોય કે ના હોય પણ તેઓ જાતે જ પરિચય કેળવી લઇને પ્રેમથી સૌની સાથે ભળી જાય અને પૂ. શ્રીમા–પ્રભુની વાતો કરે. જેથી શ્રી મધુભાઇ કે શ્રી નીલાબેન વ્યસ્ત હોય કે હાજર ના હોય તોપણ આવનારને સમજપૂર્વકનો આવકાર મળી રહે છે, અને સાથે સાથે પ્રભુની વાતોનો સત્સંગ પણ. આતિથ્ય–સત્કારની કેવી ઉચ્ચ ભાવના!

તેમની બીજી એક ખૂબી તો આપણે સૌએ ખરેખર જીવનમાં ઉતારવા જેવી છે. તેઓ જ્યાં રહે છે ત્યાં સામે જ પૂ. શ્રીમા સર્વેશ્વરી પણ બિરાજે છે એમના જ પુત્ર શ્રી મધુભાઇને ત્યાં. બે ઘરની વચ્ચે માત્ર ત્રણ ફૂટથી વધારે અંતર નથી. પરંતુ આ ભક્તપુરુષ ક્યારેય પૂ. શ્રીમાનાં દર્શન કરવા કે પૂ. શ્રીમાને મળવા માટેનો આગ્રહ કરતાં જોયા નથી. પૂ. શ્રીમાનું કામ હોય તોપણ એક અતિથિની જેમ પ્રથમ શ્રી નીલાબેન અથવા પૂ. શ્રીમા પાસે જે કોઇ બહેન હોય તેમને વાત કરી, પૂ. શ્રીમાની અનુકૂળતા જોઇને જ પૂ. શ્રીમાના ઓરડામાં જાય. ઘણીવાર તો અમે જોયું છે કે તે પૂ. શ્રીમાની અનુકૂળતા જોઇને જ પૂ. શ્રીમાનાં ઓરડામાં જાય. ઘણીવાર તો અમે જોયું છે કે તે પૂ. શ્રીમાની પાસે હાજર બહેનને જ જે કહેવાનું હોય તે સમજાવી દેતા. કેવી સમજણ! એક સંતને સાચવવાની! એક સંતને સમજવાની! અમે નજરે જોયું છે કે ઘણીવાર દિવસો સુધી તેઓ પૂ. શ્રીમાનાં દર્શનથી વંચિત રહ્યા છે, ફક્ત થોડા ફૂટ દૂર રહેવા છતાં! તેમ છતાં ક્યારેય કોઇપણ જાતની ફરિયાદ કે અશ્રદ્ધા દેખાતી નથી. અરે! ક્યારેય

સીધી કે આડકતરી રીતે પણ કોઇની સાથેની વાતચીતમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળતો નથી. આ તો અમે નજરે જોયેલું છે, તેથી કહી શકીએ છીએ. અને ત્યારે મારાથી મનમાં સહજ તુલના થઇ ગઇ, મારી અને આ ભક્તપુરુષની કે તેઓ કેટલા સમજુ છે! એમની જગ્યાએ આપણે હોઇએ તો પૂ. શ્રીમાના દર્શનનો એકવાર તો આગ્રહ રાખીએ જ. ધન્ય છે એમની શ્રદ્ધાને, એમની સમજને!

એક બીજી પણ વાત છે કે તેઓને સહકાર આપવામાં તેમનાં ધર્મપત્ની શ્રી ડાહીબાનો પણ એટલો જ મહત્ત્વનો ભાગ છે. તેઓ પણ પોતાનાથી બનતી બધી અનુકૂળતા કરી આપી પ્રભુ-કાર્યમાં ઘણું મોટું યોગદાન આપી રહ્યાં છે. ઈશ્વરકૃપાથી તેઓ પણ પોતે પોતાનું કાર્ય કરી શકે છે, કરે છે, અને પ્રભુકાર્યમાં તેઓ જે કાંઇ મદદ કરી શકે તે કરવા હંમેશા તૈયાર હોય છે. આમ આ સ્થળમાં એક પ્રભુકાર્ય માટેનું અનુકૂળ વાતાવરણ મળી રહે છે. આ ઉપરથી એમ કહી શકાય કે પ્રભુકાર્ય કરવા નીકળીએ તો પ્રભુ જ તે માટેની સઘળી અનુકૂળતા કરી આપે છે.

આ રીતે પરિવારના વડીલ તરીકે પોતાનાં સંતાનોને જીવન જીવવાની મહામૂલી મૂડી તેઓએ વારસામાં આપી છે. અને ધન્ય છે એમના પુત્રો અને પૌત્રોને કે જેમણે એ મૂડી સ્વીકારી, વધારી. તેઓ બધાં જ પૂ. શ્રી મા–પ્રભુના વિરલ સંતાનોમાંનાં થોડાં છે એમ કહેવામાં મને તો જરા પણ અતિશયોક્તિ નથી લાગતી. પૂ. શ્રીમા–પ્રભુને પણ એ સ્થળમાં વિહરવાનું ગમે છે. કારણ એ સંતપ્રેમી પરિવારના વડલાના મૂળ એવા શ્રી હર-ગોવિંદભાઇનો મૂક પ્રેમ, અનન્ય નિષ્ઠા, અનન્ય ભક્તિ, અને ઉચ્ચ સંસ્કારી પરિવારના ઘટાટોપ વડલાની શીતળ છાંયડી.



આજે શ્રી બાપુજીના અનન્ય અથાક પ્રયત્નોથી પૂ. શ્રી યોગેશ્વરજીના લેખ 'ધર્મ સંદેશ', અને 'સજની' જેવા સામયિકો-માં આવતા થઇ ગયા છે. અને બીજા ત્રણ–ચાર સામયિકો સાથે પત્રવ્યવહાર ચાલુ છે. એમની શુભેચ્છા એમના જ શબ્દોમાં સાંભળીએ; 'આજે બે સામયિકોમાં પૂ. શ્રીના લેખો આવવા માંડયા છે. જનકલ્યાણ, પરમાર્થ, જલારામ જ્યોત, રામકૃષ્ણ જ્યોત નામના સામયિકોમાં લેખો મોકલવાના પ્રયત્નો ચાલુ છે. મને આશા છે કે આવતા વર્ષોમાં તે દરેકમાં તે લેખો છપાશે. એટલું જ નહીં પણ મને આશા છે કે લોકો સામેથી માંગણી કરશે કે પૂ. શ્રી યોગેશ્વરજીના લેખો મોકલો!' પૂ. શ્રી પ્રત્યે કેવો ભાવ છે! પોતાના કાર્યનો સઘળો ભાર તેઓ ઈશ્વરને ચરણે મૂકે છે. પોતે જે પ્રભુકાર્ય કરે છે તેનો પણ કોઇ ભાર દેખાતો નથી. તે ગુણ મારા જેવાએ તો શીખવા જેવો જ છે.

આ સંતપ્રેમી ભક્તપુરુષને કઇ રીતે વધાવવા તે મને સમજાતું નથી. તેમના પ્રભુકાર્ય અને સંતસેવાના ગુણો સામે કોઇ શબ્દો મને તો મળતા નથી. તેથી વધુ કાંઇ ન લખતાં તેઓને વંદન જ કરું. અને પ્રભુને પ્રાર્થના કરું કે આવા શ્વેતવસ્ત્રોમાં સજ્જ ઋષિઓને ઓળખવાની અમને શક્તિ આપે. અને અમે પણ આવું પ્રભુકાર્ય કરી શકીએ, અને ભગવંતસ્વરૂપ સંતને સાચવી શકીએ એવી શક્તિ, ભક્તિ અને શ્રદ્ધા આપો. હરિઃ ૐ

# * નૂતન વર્ષનાં અભિનંદન *

તા. ૪–૧૧–૯૪ થી વિક્રમ સંવત ૨૦૫૧ નું નવું વર્ષ પ્રારંભ પામ્યું છે. તે પ્રસંગે અમે સહુ ગ્રાહકોને જ નહિ, પરંતુ વાંચકોને, અરે, અખિલ માનવસમુદાયને નવા વર્ષની શુભેચ્છાઓ અંતરના ઉંડાણથી પાઠવીએ છીએ.

નવા વર્ષમાં સહુ અંતરના અજવાળે કે પ્રભુની કૃપાના પાવન પ્રકાશે, જીવનમાં સાચું સુખ અને શાન્તિ ધરતા મંગલ પથ પર પગલાં ભરો, એ જ પ્રાર્થના.

પૂ. મા અને પ્રભુના આશીર્વાદ તો જીવનને નવો ઘાટ આપવા ઈચ્છતા હર માનવને માથે વરસી રહ્યા છે જ, જરૂર છે ફક્ત તે અનુભવવા માટેની આપણી અભીપ્સાની.

— તંત્રી



# તંત્રી માટેની એક જાહેરાત

'અધ્યાત્મ' માસિકને શરૂ થયે પંદર વર્ષ પૂરાં થયાં. ત્યારથી તેના સંપાદનનું કામ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની આજ્ઞાથી, પ્રેરણા તેમ જ શક્તિથી સંભાળવાનું કામ આ શરીર દ્વારા થતું રહ્યું છે. તેનો સંપૂર્ણ યશ પ. પૂ. મા–પ્રભુને છે.

હવે આ શરીર પંચોતેરમા વર્ષમાં પ્રવેશ કરે છે. એટલે પ્રકૃતિના નિયમ પ્રમાણે તેને કેટલીક તકલીફો થતી રહે છે. લખતાં હાથ ધ્રૂજે, આંખે થોડી ઝાંખ વળે, એવું થવા માંડયું છે.

એટલે આ કામમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં શ્રદ્ધાભક્તિ ધરાવતાં યુવાન સાધક ભાઇબહેનો સહાયભૂત થવા આગળ આવે એવું અમે ઇચ્છીએ છીએ. આ કામ વિના વેતન કરવાનું છે, તે ખ્યાલમાં રાખી, તંત્રી અધ્યાત્મને પોતાનું નામ, સરનામું અને આવડત વિષે લખી મોકલવા વિનંતી છે.

હાલના તબક્કે તેના પ્રકાશનનું સ્થળ ભાવનગર જ રહેશે. તેમાં ફેરફાર નહિ થાય, તેની નોંધ લેવી.

— તંત્રી

# પૂ. મા સાથે પ્રશ્નોત્તરી (૨)

સંકલન : ધીરજ મોઘરિયા

(પરમ પૂજ્ય મા સર્વેશ્વરી તા. ૧૪–૫–૯૨ ના રોજ પુણ્યક્ષેત્ર હરિદ્વારમાં બિરાજતાં હતાં ત્યારે સાધકો દ્વારા પુછાયેલા પ્રશ્નો તથા પૂ. માના ઉત્તરો અત્રે રજૂ કરવામાં આવે છે. –તંત્રી)

**પ્રશ્ન :** આધ્યાત્મિક ભાવ કઇ ઉંમરે જાગે? એવી કોઇ ઉંમર નક્કી ખરી?

**પૂ. મા :** એ તો ગર્ભાવસ્થાથીએ જાગે! જન્મ્યા પછી પણ જાગે. બાલ્યાવસ્થામાં જાગે, યુવાનીમાં જાગે. ઘડપણમાં જાગે અને અંતિમ ક્ષણે પણ જાગે. વાતાવરણ એવું મળ્યું હોય, સંસ્કારો આપણા પૂર્વના કંઇ સારા હોય તો જાગી જાય. મહાત્માજી (યોગેશ્વરજી) જેવાને આઠ વરસની ઉંમરથી જાગી ગયેલા. કેટલાક ભક્તો જન્મથીજ જાગી ગયેલા. કેટલાક મોટા થઇને જાગ્યા, કેટલાક ઘડપણમાં જાગ્યા. અને જાગ્યા તે ધન્ય થયા. એટલે એનો આધાર કોઇ ઉંમર પર નથી. આપણે અહીંયાં આવ્યા છીએ તે આપણ સંસ્કારો જાગ્યા છે, એવું તો કહી શકાય. આપણે અહીં કોઇ નોકરીની શોધ માટે નથી આવ્યા કે કોઇના લગ્ન માટે પણ નથી આવ્યા, કોઇ સામાજિક કામ માટે પણ નથી આવ્યા કે ચાલો, હરદ્વાર જઇશું અને થોડો સત્સંગ પણ મળશે તે પણ લઇશું. સારા સંસ્કારો છે. એને વધારવાના પ્રયત્નો કરવા જોઇએ. જે કંઇ અહીંથી શીખ્યા, સાંભળ્યું, તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરો. સારા માનવ બનવા પ્રયત્ન કરો એટલે સંસ્કાર વધારે જાગ્રત બનશે, પુસ્તકોથી, સંગથી.



**પ્રશ્ન :** આત્મદર્શનના સરળ ઉપાય કયા?

**પૂ. મા :** આ પગથિયાં જ છે ને એના બધાં! ધીરે ધીરે ચડો, અને આ કેટલું ધીરે ધીરે ચડયાં દશરથ. (પૂ. શ્રી યોગેશ્વરજીની તપોભૂમિનો દેવપ્રયાગથી સાતેક કિ. મી. ઉંચે પહાડી ને વિકટ રસ્તે આવેલો પહાડ.) કૂદકો મારત તો ફ્રેક્ચર થાત. એટલે ધીરે ધીરે પગથિયાં ચડવાં. જીવનની વિશુદ્ધિ માટે જે જે સાધનો આપણને સહાયભૂત થયાં તે તે સાધનો દ્વારા આપણે પવિત્ર બનતા જઇએ; અને પવિત્ર બનેલા હૃદયમાં જ પ્રતિબિંબ પડશે પ્રભુનું. સામાન્ય દર્પણમાં પણ જોઇશું તો મેલવાળા દર્પણમાં આપણું મોઢું ચોખ્ખું ના દેખાય. એટલે હૃદયના દર્પણોને સાફ કરશું તો બધુંય મળશે. **પવિત્રતા એ પ્રભુ પાસે પહોંચવાની સર્વોત્તમ ચાવી છે.** એવું સમજાય છે. તનની, મનની અંતરની બધી જ.

**સંજય પંડયા** (રાજકોટ) : શરીર અને મનની સંપૂર્ણ સ્વસ્થતા માટે શું કરવું જોઇએ?

**પૂ. મા :** તનની સ્વસ્થતા માટે તો સાડા સાત વાગે આપણે અહીં ભેગા થઇએ છીએ, (પ્રણામ માટે) અથવા સૂર્યનમસ્કાર, શીર્ષાસન જે કંઇ કરવું હોય તે અને શરીરની સ્વસ્થતા માટે. એટલું પણ યાદ રાખવું કે આપણું શરીર લેટર બોક્ષ નથી કે નાખ નાખ કરો મહીં. કે ઢોસા આવ્યા તો તે નાંખો; ભૂંસું આવ્યું તો તે નાંખો; ભેળ આવી તો તે નાંખો. તો આરોગ્ય શરીરનું સચવાશે. સ્વસ્થ રહેશે. અને મન સ્વસ્થ રાખવા માટે ગાયા કરો:

રે મન મસ્ત સદા દિલ રહના.
આન પડે છો સહેના...રે મન મસ્ત સદા દિલ રહના.

કોઇ દિન કમ્બલ, કોઇ દિન અમ્બર.
આવું ભજન ગાયા કરવું.
"કુછ લેના ન દેના, મગન રહેના
ગહરી નદિયા નાવ પુરાની,
કેવટીયા સે મિલે રહેના.
કુછ લેના ન દેના. મગન રહેના."

આપણી પ્રસન્નતાની જે ભૂમિકા છે આત્મિક; આત્મિક શાંતિની, તેને જરા પણ હાલવા ના દેવાય. પછી તે દશરથનું ચડાણ હોય કે દશરથનું ઉતરવાનું કઠિન હોય તો પણ; આનંદ... આનંદ... આનંદ! કેમ? સ્વસ્થ અંદરથી! શરીરમાં ભલેને ખાડા પડી ને લોહી નીકળતું હોય તોય ફરિયાદ નહિ.

**પ્રશ્ન :** (સતત જપ વિશે પ્રશ્ન છે સ્પષ્ટ સંભળાયેલ નથી.)

**પૂ. મા :** સતત એટલે? અત્યારે ચાલે છે? તમે મારી સાથે પ્રશ્નો પૂછો છો ત્યારે પણ મન તો વિક્ષેપ અનુભવે જ છે. બરાબર? એટલે સતત જપ કોને કહેવાય તે સાધકે સમજી લેવું જરૂરી છે. શ્વાસોશ્વાસે, એનું મન પણ કશે ન જાય. હરદ્વાર આવવાનું પણ એને મન ના થાય; કશે જ નહીં. કોઇને પ્રશ્ન પૂછવાનું પણ મન ના થાય. સતત એનું મન ભગવાનના સ્મરણમાં જ તલ્લીન રહે, એમાં જ મસ્ત બની જાય; એ સતત જપ. અને સતત જેના ચાલતા હોય તે પણ પોતાના નિયમ તો પાળે જ; જેમ કે યોગેશ્વરજી. આપણે ગાઇએ છીએ રોજના પ્રભાતિયામાં કે સો જપમાળા રોજ કરતા હતા. વરસો સુધી સાધના કરી, ઈશ્વરદર્શન સુધી એ પહોંચ્યા તો એમનું મન સતત જપ ના કરતું હોય? છતાંય એણે નિયમ નથી મૂક્યા, એટલે નિયમ તો આપણે રાખવા જ. ગણતરીની માળા કે જે હોય તે,



ચાલુ જ રાખવા. પછી ચણા મમરા ફાક્યા જ કરવા પણ એકવાર બેસીને ભરપેટ જમી લેવું. ભગવાન કૃષ્ણ પણ હજાર ગાયત્રી જપતા, એવું આવે છે શાસ્ત્રોમાં, તે ગણત્રી કરતા હશે તો જ લખ્યું હશે ને!

**પ્રશ્ન :** માને પ્રણામ કરતી વખતે શું માંગવું?

**પૂ. મા :** શું માંગે છે તું?

**પ્રશ્નકર્તા :** હું તો અલગ અલગ વસ્તુઓ માંગુ છું.

**પૂ. મા :** શું શું? પણ કહે તો ખરે, મને ખબર પડે લીસ્ટ કર્યું; લીસ્ટમાંથી પહેલી પસંદગી આપવા જેવી છે? શું માંગે?

**પ્રશ્નકર્તા :** સારી બુદ્ધિ આપજો પહેલું. પછી બીજું તો આત્માએ આ જીવ (શરીર)માં હવે ના રહેવું પડે ફરી અને જગદંબા જ મળ્યાં છે તો પછી જલદી જલદી મુક્તિ મળી જાય.

**પૂ. મા :** સરસ! બહુ સારું માંગે છે! કેમ? સરસ! કોઇ રાજા કહે કે "શું જોઇએ છે તારે?" તો આપણે તેને એમ કહીએ કે "ના, તું તારે તપકીરની ડબ્બી જ મને આપ," તો એ માંગેલું ન કહેવાય. એમાં માગતાં નથી આવડયું. તને તો આવડે છે માગતાં એટલે એવી સાત્ત્વિક વાતો માગવી જેમાંથી આપણું આત્મિક કલ્યાણ થાય. સારી માંગણી કરે છે નાની ઉંમરમાં. તારી ઉંમરે અમે પણ એવી માંગણી નહોતા કરતાં. એટલે સારી માંગણી કહેવાય.

**પ્રશ્ન :** કર્મ–ફળ–ત્યાગ એટલે શું?

**પૂ. મા :** કર્મ–ફળ–ત્યાગ એટલે શું? કેટલા માર્કસનો પ્રશ્ન છે? (સૌની હસાહસ) અમીનાબેન છો તમે? કર્મ ફળ ત્યાગ, કેમ?

આજે નીચે જોયું તમે? ભીખુદાનભાઇ મારી પાસે આવ્યા, તો અહી બોક્ષ પડેલું હતું. ખરેખર, અહીંયાં જે બોક્ષ મૂકે તે કોના હોય?

**સૌ :** માના.

**પૂ. મા :** મારાં જ હોય, બરાબર! છતાંય મને કોઈક સારા કર્મના ફળરૂપે તમે બધા બોક્ષ મૂકો, પણ એ બોક્ષ જો હું કોઈને આપું તો? કર્મ–ફળ–ત્યાગ! બરાબર? પાંચ સફરજન કોઈએ મૂક્યાં હોય. એકાદુ રાખું અને ચાર આ બટુકીયા (બાળકો)ને વહેંચી આપું તો એ કર્મ–ફળ–ત્યાગ. આનંદથી ત્યાગ! પ્રસન્નતાથી ત્યાગ! પ્રસાદરૂપે આપી દેવાનું! ત્યાગ! અને એ વહેંચ્યા પછી ખાવાનો જે આનંદ છે એ પાંચે પાંચ સફરજનને ખાઇ જઇશું તો એવો આનંદ નહીં આવશે! એટલે જે આપણને મળ્યું છે એને વહેંચીને ખાવ! ત્યાગ કરી દો એનો! દશ ડ્રેસ હોય તમારા; ને સારામાં સારા ગમતા હોય, પાંચ; તો એમાંથી ત્રણ કોઇને આપો. તો તે આપો, તો તે કર્મ ફળ ત્યાગ! બરાબર?

**પ્રશ્નકર્તા વિદ્યાર્થિની :** ભણતી વખતે મન સ્થિર રાખવું હોય તો શું કરવું?

**પૂ. મા :** ભણતી વખતે સ્થિર રાખવું હોય તો? તો ક્યાં જાય છે? સિનેમામાં–ના–તો ક્યાં જાય? તો મોટેથી વાંચો; બહેનપણી સાથે વાંચો, કોઇ સમજાવે ત્યારે વાંચો. અમે એવું કરતાં હતાં ભાઇ! બી. એ.ના છેલ્લા વર્ષમાં મારી એક બહેનપણી હતી. તેણે કહેલું કે "તું સવારથી આવી જજે, ભાખરી ને શાક લઇને. હું દશ વાગે જમવા જઉ ત્યારે વાડકી દાળની લઇ આવીશ, તે તું જમી લેજે. હું રસોડે જમી આવીશ. આખો દિવસ આપણે



વાંચીશું." તો વાંચવાનું. અમે બંને એક જ પુસ્તક લઇને બેઠાં હોઇએ. વાંચીએ પછી સમજાવવાનું તેને, એટલે પાકું મારું થયું અને મને 'ગોલ્ડ મેડલ' મળ્યો. એટલે એવી કોઇ બેનપણી હોય એની સાથે સમજીને વાંચોને; ચર્ચા કરતા કરતા; તો વધારે યાદ રહે એવું મને લાગે છે. પછી ઊંઘ આવે તો આંટા મારતા મારતા વાંચો. અને ઊંઘ આવે જ તો અમે નાસ્તાના ડબ્બા ખોલતા, હોસ્ટેલમાં હતા ત્યારે. તેમ રાખો પાસે સુખડીનો, ચેવડાનો ડબ્બો. અને વાંચતા જાવ. વારંવાર વાંચો.

**પ્રશ્ન :** ગુરુ 'મંત્ર' આપે તે મંત્રથી જ આગળ વધી શકાય કે આપણને પ્રેરણા થાય તે પણ ચાલે?

**પૂ. મા :** ભાઇ, આપણે જ આપણી જાતના ગુરુ! આપણને જે સ્ફૂર્યો એ જ 'મંત્ર'. ગુરુએ એમ એટલો લાંબો મંત્ર આપ્યો હોય ને આપણું ચિત્ત ન લાગતું હોય તો, અને સહજ રીતે, એકદમ સાપ નીકળ્યો ને જે બોલાઇ ગયો તે આપણો મંત્ર! ઓ મા! ઓ બાપ! કે જે બોલાયું હોય તે. ઓ ભગવાન! ઓ રામ! તો તે રામ આપણો મંત્ર! સાચ્ચે સાચ એ જ મંત્ર આપણો, કારણ કે અંતરમાં એનું જ રટણ ચાલતું હોય તો જ નીકળે. એટલે એવું માનવાની જરૂર નથી કે ગુરુ આપે તે જ મંત્રથી આગળ ચલાય! અમે તમને અહીંથી લાકડી આપીએ કે લે દશરથ લઇ જજે ને ત્યાં પહેલે જ પગથિયે તૂટી જાય, તો તું બીજી લાકડી લઇને ચાલશે જ ને ઉપર ચડશે જ ને! બીજી લાકડી એના જેવી, અથવા ઝાડનું ડાળુ એક, જાડું હોય તો તે લઇને ચાલ્યા, દશરથ (પહાડ) ચડી જવાય. પણ ગડમથલ રહેતી હોય કે ગુરુ આપશે તો જ તરાશે, તો લઇ લો મંત્ર! મનમાં દ્વિધા ના રાખો.

**પ્રશ્ન :** સારાં કામો કરવા જેટલું જ મહત્ત્વનું ખરાબ કામ કરતા રોકવાનું છે. છતાં જનરલી એવું જોવામાં આવે છે કે લોકો સારાં કામ કરવાની જ વાતો કરે છે. ખરાબ છે તેને રોકવાની ઓછી વાતો કરે છે. એટલે બધા સારું કરવાનો જ ઉપદેશ આપે છે કે આમ કરો, તેમ કરો. પણ જે ખરાબ થાય છે તેને રોકવાનો ઉપદેશ બહુ ઓછો મળે છે. એવું શા માટે?

**પૂ. મા :** પણ સારું વિચારવા માંડીશું તો આપોઆપ ખરાબ ઓછું થઇ જશે ને! કે તમે ચોખ્ખું રાખો, ચોખ્ખું રાખો, તો પેલો ઉકરડો દૂર જ જશે, કુદરતી, સહજ રીતે જ એમ કે તમે સારા વિચાર કરવા માંડો, એનો અર્થ એમ કે એમાં ખરાબ વિચારો એમાં પ્રવેશશે જ નહીં.

(ક્રમશઃ)

## ચૂંટેલાં પુષ્પો

(૧) જોવાની ઇચ્છા થાય તો હું કેવો છું તે જો જો.

(૨) રોવાની ભાવના થાય તો તમારા અધમ કૃત્યો ઉપર રોજો.

(૩) ગ્રહણ કરવાની ઇચ્છા થાય તો સૌના ગુણ ગ્રહણ કરજો.

(૪) ખાવાની અભિલાષા થાય તો ગમ ખાજો.

(૫) પાન કરવાની ઇચ્છા જાગે તો ઉપદેશામૃત પાન કરજો.

(૬) લૂંટવાની ભાવના થાય તો જ્ઞાનને લૂંટજો.

(૭) ક્રોધ કરો તો ક્રોધ ઉપર ક્રોધ કરજો.



## * મહિમા અપરંપાર *

પ્રભુ! ત્હારો મહિમા અપરંપાર!
શેષ–શારદા ગાવા બેસે
તોય ન પામે એનો (ત્હારો) પાર. ...પ્રભુ!...
વણ આલંબન આભ ટેકવ્યું
વસુન્ધરાનો શો વિસ્તાર!
સૂર્ય–શશિ–ગ્રહ–તારક દીપે
જીવન વરસે અનરાધાર. ...પ્રભુ!...
અનેક સૃષ્ટિનો તું સર્જક
ધારક–પોષક–જીવનાધાર;
કરુણા રેલે કરુણાકરની
જો રૂઠે તો પ્રલયકાળ. ...પ્રભુ!...
ઋતની લીલાનો તું સ્વામી,
લીલયા ચાલે જગ–વ્યવહાર;
રજકણ ને હિમાલય–લીલા
સબકી રાખે સરખી ભાળ. ...પ્રભુ!...
માનવને સર્જીને, કોણે
કોના પર કીધો ઉપકાર?
ત્હારી ભક્તિ, ત્હારો અનુગ્રહ
પામે, સોહે જગ–ઉપહાર. ...પ્રભુ!...
શેષ–શારદા ગાવા બેસે
તોય ન પામે ત્હારો પાર
પ્રભુ! ત્હારો મહિમા અપરંપાર! ...પ્રભુ!...

— ડૉ. રણજિત પટેલ (અનામી)

## * થાજો *

(ગાન)

વિભુની વાંસળી થાજો,
મારું જીવન વાંસળી થાજો.
વિભુની ઇચ્છા, વિભુના સૂર સૌ
એમાં ઝંકૃત થાજો,
વિભુની લીલા, વિભુની પ્રજ્ઞા
એમાં અંકિત થાજો.
મારું જીવન વાંસળી થાજો,
હો વિભુની વાંસળી થાજો.
કશું ન હોજો મુજનું એમાં
વિભુ–મનીષા એ ગાજો,
વિભુની ભક્તિ, વિભુની શક્તિ
એમાં સુરભિત થાજો:
મારું જીવન વાંસળી થાજો,
હો વિભુની વાંસળી થાજો.
યોગેશ્વરની ઇચ્છા સઘળી
મુજની ઇચ્છા થાજો,
જીવનફૂલડું નાનું મુજનું
એથી પુલકિત થાજો:
મારું જીવન વાંસળી થાજો,
હો વિભુની વાંસળી થાજો.
અનાસક્તિ શી જીવનલીલા
જલકમલવત્ થઇ જાજો,



વિભુની રીતિ, વિભુની પ્રીતિ
એમાં વિભૂષિત થાજો:
મારું જીવન વાંસળી થાજો,
હો વિભુની વાંસળી થાજો.
અહં ન હો, ના મમતા હોજો,
ભાવ સમર્પણ છાજો,
પરને કાજે, સૌને કાજે
જીવન સેવા થાજો:
મારું જીવન વાંસળી થાજો,
હો વિભુની વાંસળી થાજો.

ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)


બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગ જ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૩૫૯૮
૩૪૦૧૬
ફે. : ૮૨૪૩૭
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# મહાત્મા મસ્તરામજી

ઝિંઝુવાડિયા કનૈયાલાલ

### ખરો રાજયોગ

એકવાર મહારાજ પોતાના અનન્ય ભક્ત શ્રી લક્ષ્મીશંકરભાઇ ત્રિવેદીને ત્યાં બોટાદ ગયા. બપોરનો સમય હતો. સમાધિ વિષે વાતચીત ચાલતી હતી. ત્યારે ભક્ત કહે, 'વડોદરાવાળા નૃસિંહાચાર્યજી તથા બીલખાવાળા નથુરામજી સમાધિ ચડાવે છે, એમ સાંભળ્યું છે.' આ ઉપરથી મહારાજ કહે, 'જો ત્યારે હું પણ તને રાજયોગનો એક પ્રકાર હમણાં બતાવું છું.'

મહારાજશ્રીએ એને કહ્યું, 'અહીં પાસે આવ અને ગભરાયા વિના તારો હાથ મારા નાક આગળ ધરી રાખજે. સાવધ રહેજે.'

ભક્તે કહ્યું 'ભલે મહારાજ.' પછી મહાત્માજી રામસ્નેહી સાધુઓ પેઠે પાંચ વાર રામનામનો ઉચ્ચાર કરીને પછી એમણે નાભિમાંથી પોતાનો પ્રાણવાયુ ખેંચી તેને હૃદય, કંઠ અને નાકવાટે બ્રહ્મરંધ્રમાં રોક્યો. આ વખતે સેંકડો શરણાઇઓ, ભેરી, મૃદંગ, વાંસળીઓ ઇત્યાદિ વાજિંત્રોના મીઠા સૂરમાં એક ગંભીર નાદ થયો. જાણે શ્રીકૃષ્ણે વ્રજમાં કરેલો સૂરીલો વેણુનાદ! ભક્તનો હાથ હજી મહારાજશ્રીના નાક આગળ જ હતો. આ નાદ સાંભળતાં જ તે પુલકિત થયો ને આંખમાં આનંદાશ્રુ આવ્યાં. આ નાદ એણે જ સાંભળ્યો એમ નહોતું. ભક્તના પડોશમાં રહેતાં નંદુબેન વગેરે બીજાં પડોશીઓએ પણ આ સાંભળ્યું. તેથી આશ્ચર્યવિમુગ્ધ બની, ઘેલી ગોપીઓ પેઠે એ પણ દોડી આવ્યાં. બપોરનો સમય હોવાથી એમણે ધાર્યું કે, મહારાજશ્રીની આરતી ઉતારવા કોઇ આવ્યું હશે. આ નાદ આશરે પંદરેક મિનિટ પછી



સ્વામીજીએ પ્રાણને ઉતારી કંઠમાં આણ્યો અને વળી ફરીથી પાંચ વાર રામનામનો ઉચ્ચાર કરી પ્રાણને નાભિમાં સ્થાપી આંખો ઉઘાડી જોયું તો ભક્તનો હાથ હજી નાક આગળ જ હતો. એની આનંદ–પુલકિત સ્થિતિ જોઇ પોતાને પણ સંતોષ થયો ને બોલ્યા, 'જોયું આને રાજયોગ કહેવાય! હઠયોગનો, તો બીજો પ્રકાર છે. વળી કોઇ બીજી વખતે તે બતાવીશ. 'મહારાજશ્રીએ ભક્તને હઠયોગ દેખાડવાનું જે વચન આપ્યું તે દુર્ભાગ્યે ફળીભૂત થતાં પહેલાં જ મહારાજે દેહ છોડી દીધેલ.'

### સિદ્ધિઓ

આવી રીતે રામ રામ કરતાં રામરૂપ બની ગયેલી ત્યાગમૂર્તિઓ પાસે સર્વ સિદ્ધિઓ હોય છે, પરંતુ એવા મહાત્માઓ પોતાની સિદ્ધિનો ઉપયોગ ભાગ્યે જ કરે છે અને બને ત્યાં સુધી પોતાની પાસે એ સિદ્ધિ હોવાનું કોઇને જાણવા દેતા નથી. મસ્તરામજી આ જ પ્રકારના સિદ્ધ હતા, ભાગ્યે જ સિદ્ધિનો પ્રભાવ બતાવતા. છતાં એક બે વખત ભક્ત પ્રેમને વશ થઇ ભક્તની ધર્મશાસ્ત્રીની શ્રદ્ધા કરવા એમણે સિદ્ધિનો ઉપયોગ કરેલો જણાય છે.

એક વખત મહારાજશ્રી ભાવનગરમાં હતા. શિહોરના કેટલાક ભક્તોને આ વાતની ખબર પડતાં તેઓ ભાવનગર મહારાજશ્રીને દર્શને આવતા અને વારંવાર શિહોર આવવા આગ્રહ કરતા. એક વખતે મહારાજે કહ્યું 'તમે બધા રેલવેમાં જાવ, હું મારી મેળે શિહોર આવી પહોંચુ છું.' આ બધા દસ વાગ્યાની રેલગાડીમાં બેસી અગિયાર વાગે શિહોર આવ્યા. સ્ટેશન પર ઊતરી શિહોરના ભાવનગર દરવાજે આવ્યા તો ત્યાં ચોકમાં મસ્તરામજીને ઊભેલા દીઠા. આ જોઇ આશ્ચર્યચકિત થઇ એ બોલ્યા. 'મહારાજ, આપ ગાડીમાં તો નહોતા, ત્યારે એટલી વારમાં અહીં શી રીતે આવી ગયા?' મસ્તરામજી હસીને શાંત રહ્યા. આવા જ અનુભવો

કેટલાક ઉમરાળાના તથા બીજા ગામના ભક્તોને પણ અવાર-નવાર આપતા.

પોતાના ભૌતિક દેહનું દુઃખ, થોડા વખત માટે જડ ચીજને સોંપી, પોતે તે દુઃખથી મુક્ત છે એમ બતાવવાની કળા યોગસ્થ મહાત્માઓ પાસે હોય છે એ વાત રામાયણની એક કથામાં વાંચવામાં આવે છે. આ મસ્તરામજીએ આ સિદ્ધિ પોતાની પાસે હોવાની એક વખત પ્રત્યક્ષ સાબિતી આપી હતી. એક વખત મસ્તરામજીને સખત તાવ આવ્યો ને શરીર ઠંડીથી થરથર ધ્રૂજતું હતું. આ જોઈ કોઈ ભક્તે તેમને ધાબળો લાવી ઓઢાડયો. એવામાં એમના ભક્ત ભાવનગરના મહારાજા તખ્તસિંહજી દર્શનાર્થે આવે છે એમ મસ્તરામજીને જણાવ્યું. મસ્તરામજીને લાગ્યું : 'ભાવનગરના મહારાજ દર્શને આવે છે તો મારે ઊઠીને મળવું જોઈએ.'

મસ્તરામજી ઊઠયા અને તખ્તસિંહજીએ ઊઠીને બેસવાની ઘણી ના કહી છતાં પોતે ઊઠયા અને ધાબળો બાજુએ મૂકી પોતાનું નિત્યનું આસન લગાવી નિરાંતે બેઠા. કહેવાય છે કે, મસ્તરામજી જ્યાં સુધી તખ્તસિંહજી સાથે વાત કરતા બેઠા ત્યાં સુધી બાજુએ મૂકેલો ધાબળો ધ્રૂજતો હતો, જાણે કે મસ્તરામજીની તાવની ઠંડી એણે જ પોતાના અંગ પર ઉછીની લીધી હોય ને! મહારાજાની સાથે આવેલા એક જણે મસ્તરામજીને ધાબળો ધ્રૂજવાનું કારણ પૂછ્યું, પણ એમણે એનો કાંઈ પણ પ્રત્યુત્તર ન આપ્યો. તખ્તસિંહજી ગયા એટલે પાછો એ ધાબળો લઈ મસ્તરામજી સૂઈ ગયા. જાણે તખ્તસિંહજી ત્યાં બેઠા તે દરમિયાન એમને ભરાયેલા તાવની સોંપણી એમણે એ ધાબળાને જ કરી હોય તેમ!

(ક્રમશઃ)



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'એનો પ્રમાદ મારે દૂર કરવો પડશે. એને મોહરૂપી ઘોર નિદ્રામાંથી જગાડીને કર્તવ્યપરાયણ કરવો પડશે અને જરૂર જેવું લાગશે તો આકરો દંડ દેવો રહેશે. સંભવ છે કે દંડ વગર એની બુદ્ધિ ઠેકાણે નહિ આવી શકે.'

રામની આજ્ઞા મેળવીને લક્ષ્મણ કિષ્કિંધાના દુર્ગદ્વાર પાસે આવી પહોંચ્યો.

એનું રૌદ્ર રૂપ જોઈને હનુમાને એને યુક્તિપ્રયુક્તિપૂર્વક શાંત પાડયો.

સુગ્રીવને જ્યારે હનુમાન દ્વારા રામ અને લક્ષ્મણના રોષની અને લક્ષ્મણના ભભૂકી ઊઠેલા ભયંકર ક્રોધની માહિતી મળી ત્યારે તેની મોહરૂપી નિદ્રાનો અંત આવ્યો.

લક્ષ્મણનું સન્માન કરીને એ એને કિષ્કિંધામાં લાવ્યો અને એની ક્ષમાયાચના કરીને પોતાનો મિત્રભાવ જાહેર કરી બતાવ્યો.

એ પછી એ લક્ષ્મણ તથા હનુમાન જેવા બુદ્ધિમાન મંત્રીઓ સાથે રામ પાસે આવીને કહેવા માંડયો : 'મારાથી થયેલા પ્રમાદરૂપી અપરાધને માટે તમારી ક્ષમા માગું છું. સત્તા, સંપત્તિ તથા સ્ત્રીસુખનો નશો કોને નથી ચઢતો? યૌવન, ભોગ અને વિલાસને પામીને કોનું મન વિચલિત નથી થતું? દુન્યવી સુખ તથા ઉત્કર્ષ પામીને મદોન્મત્ત ન થાય એવા મહાપુરુષ તો તમારા જેવા કોઈક વિરલ જ હશે. મન સ્વાભાવિક રીતે જ ઈન્દ્રિયોના

પદાર્થોમાં ને વિષયસુખમાં દોડયા કરે છે. મનની એવી પ્રબળ પ્રતિકૂળ પ્રવૃત્તિને લીધે મોટા મોટા મુનિ, જ્ઞાની, યોગી, તપસ્વી તથા વિરક્ત કે પ્રાજ્ઞ પુરુષને પણ પોતાના કર્તવ્યનું વિસ્મરણ થઇ જાય છે; તેવા પુરુષો પણ પથભ્રાંત બની જાય છે; તો પછી મારા જેવા સામાન્ય કોટિના, ચંચળ ચિત્તવાળા પામર પુરુષનો શો હિસાબ? મારામાં તમારા અથવા એ મહાપુરુષો જેવી શક્તિ તો ન જ હોય. એવી શક્તિની આશા પણ ન રાખી શકાય.'

રામે એને ક્ષમા કરીને કહ્યું : 'વાલીએ મરતી વખતે આપેલી શિખામણનું તમને વિસ્મરણ થયું લાગે છે. એ સોનેરી શિખામણ હમેશાં યાદ રાખવા જેવી હતી.'

'એ શિખામણ નથી ભૂલ્યો, પરંતુ મારાથી ભૂલ જરૂર થઇ છે, અને એ ભૂલને કબૂલ કરું છું.'

'તમારા કર્તવ્યપાલન માટે તમે કરેલી પ્રતિજ્ઞા?'

'એ પ્રતિજ્ઞાનું મને સ્મરણ છે. એની પૂર્તિ માટે આજથી જ પ્રયાસ શરૂ કરું છું.'

'હા. હવે એમાં એક વિપળનો ય વિલંબ ન થવો જોઇએ. ઇન્દ્રિયોના વિષયો અને ભોગો બળવાન છે. તે ભલભલાના મનને પોતાના પ્રવાહમાં તાણી જાય છે. અસંયમી અથવા અવિવેકીને બરબાદ પણ કરી દે છે. છતાં પણ વિવેકની મદદ મેળવીને મનની ચંચળતા અને પરવશતામાંથી મુક્તિ મેળવવાનો બનતો પ્રયત્ન તો કરવો જ જોઇએ. જીવનની શોભા તથા શક્તિ એમાં જ રહેલી છે. પોતાના કર્તવ્યનું વિસ્મરણ પણ કોઇયે સંજોગોમાં ન થવા દેવું જોઇએ.'

'મને કર્તવ્યનું સ્મરણ તો થયા કરતું, પરંતુ વરસાદના દિવસો હોવાથી મેં સીતાની શોધની પ્રવૃત્તિનો પ્રારંભ નહોતો કર્યો.



હવે શરદઋતુનો આરંભ થવાની સાથેસાથે લોકો પોતપોતાના વ્યવસાયોમાં લાગી ગયા છે. એવી રીતે આપણે પણ આપણો ઉદ્યમ શરૂ કરીશું.'

સુગ્રીવે દૂર દૂરના વાનર યોદ્ધાઓને પ્રથમથી બોલાવી મંગાવેલા તે યોદ્ધાઓ પોતપોતાની વિશાળ સેના સાથે એટલી વારમાં ક્રમે ક્રમે આવવા માંડયા.

એમનો કોલાહલ ચારે તરફ સંભળાવા લાગ્યો.

એમના સમાચાર સાંભળીને રામ અને લક્ષ્મણને સંતોષ થયો.

એમણે સુગ્રીવને એની પ્રાથમિક તૈયારી બદલ શાબાશી આપી.

લક્ષ્મણે રામને કહ્યું : 'હવે વરસાદની ઋતુ પૂરી થઇ ને આપણા જીવનમાં પણ શરદઋતુનો સાચેસાચ પ્રારંભ થયો લાગે છે. ચિંતાની ચપલાના ચમકાર, વિપત્તિ ને વેદનાનાં વાદળનાં વર્ષણ તથા પ્રાર્થના અને પોકારના પડછંદા પછી આ સમાચાર શરદઋતુના આગમનની પેઠે એકંદરે આનંદદાયક છે.'

'સાચો આનંદ તો સીતાને મેળવ્યા પછી જ મળી શકશે અને સાચી શાંતિ તથા શરદઋતુનો આરંભ પણ ત્યારે જ થશે.'

'એ પણ મળશે. જરૂર મળશે.'

'પરંતુ ક્યારે?'

લક્ષ્મણ મૂક રહ્યો. ઊંડી વેદનામાં ડૂબી ગયો.

### જ્વરમાંથી મુક્તિ

સુગ્રીવે વાનરયોદ્ધાઓને બોલાવીને મુખ્ય મુખ્ય યોદ્ધાઓનો રામ તથા લક્ષ્મણને પરિચય કરાવ્યો. એ યોદ્ધાઓને સીતાની શોધ માટે અલગ અલગ દિશામાં જવાનો આદેશ આપ્યો, અને કહ્યું : 'જ્યાં સુધી સીતા ના મળે ત્યાં સુધી એની શોધ કરતા રહેજો.

પરંતુ એ શોધમાં એક માસથી વધારે વખત ના જાય એનું ધ્યાન રાખજો. એક માસ પછી જો સીતાના ચોક્કસ સમાચાર વિના અહીં પાછા ફરશો તો તમને મૃત્યુદંડ મળશે તેની ખાતરી રાખજો. સીતાના સુખદ સમાચાર સાથે જે મારી પાસે સૌથી પ્રથમ આવી પહોંચશે એને મહામૂલ્યવાન પુરસ્કાર મળશે. રામનું દુઃખ એ આપણું જ દુઃખ છે એવું માનીને તમારે સૌએ આ કલ્યાણકારક ઉત્તમ કામ કરવાનું છે. મારા તમને આશીર્વાદ છે. તમે વહેલી તકે વિજયી થઈને પાછા ફરો.'

મોટા ભાગના વાનરયોદ્ધાઓ પોતાની સેના સાથે નદી, પર્વત, અરણ્ય તથા સાગરની પારના પ્રદેશોમાં સીતાની શોધ કરવાના ઉદ્દેશથી વિદાય થયા, એટલે સુગ્રીવે હનુમાનને પોતાના વિશ્વાસુ અને વફાદાર સેવક સમજીને દક્ષિણ દિશામાં પ્રયાણ કરવાની ખાસ સૂચના આપીને કહેવા માંડયું : 'યોદ્ધાઓ તો અનેક છે. એ બધા પોતપોતાની રીતે, પોતપોતાની શક્તિ અથવા યોગ્યતા પ્રમાણે કામ કરશે. પરંતુ તમારા જેવી બુદ્ધિ તથા શક્તિ બીજા કોનામાં છે? મને તો કોઈનામાં નથી દેખાતી. મને તમારા પર વિશેષ વિશ્વાસ છે. સીતાની શોધના સર્વોત્તમ કાર્યમાં તમે સફળ નહિ થાવ તો બીજું કોઈયે સફળ નહિ થઈ શકે. તમે જરૂર સફળ થશો. રામની પ્રસન્નતા માટે તમે મોટામાં મોટો આત્મભોગ આપતાં પણ નહિ ડરો. માટે તમને ખાસ કામ સોંપું છું. રાવણ સીતાને લઈને આ પર્વત પરથી દક્ષિણ દિશામાં ગયો હોવાથી એ દિશામાં હોવાનો સંભવ વધારે છે. છતાં પણ એ એને ગમે તે પ્રદેશમાં લઈ ગયો હોય તોપણ ત્યાંથી તમારે એનો પત્તો મેળવવાનો છે. આ કામ મારું જ છે એમ સમજીને તેને પૂરી નિષ્ઠાથી કરવાનું છે.'

(ક્રમશઃ)

## * અમર સામ્રાજ્યની પ્રાપ્તિ *

અર્જુન તો સંસારના સાધારણ માનવનો પ્રતિનિધિ છે, ને કૃષ્ણ છે પરમાત્મા. અર્જુનની જેમ જે કોઈ માનવ ગીતાને શરણે જાય છે, અથવા તો હે પ્રભુ, હું તમારો બાલક છું : મને યોગ્ય માર્ગ બતાવો–એવી હૃદયપૂર્વકની પ્રાર્થના કરી જે પરમાત્માને શરણે જાય છે, (**शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्**) ને ગીતાની અમૃતગંગામાં સ્નાન કરે છે, તેની ભ્રાંતિ ને ચિંતા ટળી જાય છે, જડતા ને કાયરતા દૂર થાય છે, તેની કિંકર્તવ્યવિમૂઢ દશાનો અંત આવે છે. અર્જુનની જેમ જ ગીતાના સંજીવન સ્પર્શથી શક્તિ મેળવીને જીવનના જટિલ સંગ્રામમાં મુક્તિ ને પૂર્ણતા મેળવી આપનારા માનવજીવનરૂપી આ ધર્મમય કુરુક્ષેત્ર મેદાનમાં, કર્તવ્ય કરવા તે તૈયાર થાય છે, ને અજ્ઞાનનો નાશ કરી, કૌરવની પ્રચંડ સેના જેવી પોતાની અધમ વૃત્તિઓ ને ઈન્દ્રિયો, પોતાના પ્રતિકૂળ નિર્બળ સંસ્કાર ને મનને વશ કરી, છેવટે તે શાંતિ કે સફલતા અથવા મુક્તિરૂપી હસ્તિનાપુરનું એ અલૌકિક રાજ્ય મેળવે છે, જેને કોઈનો ભય નથી, ઘડપણ નથી, ને કરાલકાલ પણ જેને કંઈ કરી શકતો નથી. આ સંસારમાં મોટાં મોટાં સામ્રાજ્યો ને તેના સત્તાધીશો ઉદય પામીને અસ્ત થઈ ગયા, પણ આત્મોન્નતિના આ અવિચલ ઈન્દ્રપ્રસ્થનો કદાપિ નાશ નથી. અરે, ઈન્દ્રપ્રસ્થ પણ રસાતલમાં મળી ગયું, પણ આત્માની અમરતાનું આ ઈન્દ્રપ્રસ્થ તો આજેય અમર છે ને સદાય અમર રહેશે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * સર્વ પ્રકારની ચિંતા મૂકી મારે શરણે આવ *

'હે અર્જુન, સર્વ પ્રકારની ચિંતાને મૂકી દઈને તું મારે શરણે આવ. હું તને બધાં જ પાપ ને ભયસ્થાનમાંથી મુક્ત કરીશ. એટલું જ નહિ, મારાં આ મંગલ હિતવચન પ્રમાણે નહિ ચાલે તો **विनंक्ष्यसि** તું વિનાશ પામીશ.' એવી પણ સ્પષ્ટ ચેતવણી આપે દે છે. એટલે માનવ જો પોતાના અંતરસ્થ ઈશ્વરને શરણે જાય, ને તેની આજ્ઞા પ્રમાણે ચાલે, તો તેનાં બધાં જ દુઃખદર્દ દૂર થઈ જાય એમાં શંકા નથી. ને એથી ઊલટું, જે મનમાની કરે, આ સંસારમાં ઈશ્વરથી સંબંધવિચ્છેદ કરીને જીવે, તે વિનાશ પામે છે. કેવી રીતે? તે દૃષ્ટાંત પણ ગીતામાં જ હયાત છે. અર્જુને શ્રીકૃષ્ણને પોતાના સારથિ બનાવ્યા, ને દુર્યોધને શ્રીકૃષ્ણના બળને અલ્પ સમજીને તેમને બદલે આખી સેનાને અપનાવી. તો પરિણામે અર્જુનનો વિજય ને દુર્યોધનનો સેનાસહિત નાશ થયો. આ દૃષ્ટાંત દ્વારા ગીતા એક અગત્યની સૂચના આપે છે કે કોઈ પણ વસ્તુ કે સંસારની સમસ્ત સંપત્તિમાંથી ઈશ્વરને બાદ કરો એટલે શૂન્ય વિના તેની કિંમત કાંઈ જ નહિ રહે. જેમ દેહમાંથી પ્રાણ જતાં દેહ નિર્જીવ બને છે, તેમ જીવનમાંથી ઈશ્વરને દૂર કરતાં—ઈશ્વરથી વિમુખ થતાં—ઈશ્વરના હૃદય જેવા ધર્મ ને આધ્યાત્મિકતાના સનાતન સિદ્ધાંતોથી વિમુખ થતાં, જીવનમાં અંધકાર ફેલાવાનો, જડતા ફરી વળવાની ને દુઃખદર્દ ને છેવટે ઘોર વિનાશમાં જ તે જીવનની છેવટની કથા પરિણમવાની.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧